ગુજરાતી ત્રીજી ચોપડીના પાઠની નોંધ.

શબ્દના સરળ અર્થ, અગત્યના સવાલ, હરેક પાઠના સાર, સમજુતી તથા કવિતાની સમજ સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર જમનાદાસ ભગવાનદાસ ખંભાતી

(સુરત ગુજરાત સ્ટાન્ડરડ પ્રેસમાં હોરમસજી જમશેદજીએ છાપી.)

ઇસવીસન ૧૮૯૦.

કીંમત ૩ આના.

૪૫૩૧

ગુજરાતી ત્રીજી ચોપડીના પાઠની નોંધ.

પાઠ ૧ લો.

આળસુ—કંઈ પણ કામ કરે નહિ એવો; સુસ્ત.
ડાહીઓ—મોટો, જબરો.
પાલવવું—ઓજવું, ફાવવું.
મૂરખો—ભણ્યા વગરનો.
પરવડવું—ઓજવું.
ઓરો—અહીં.
રમતીઆળ—રમતમાં જીવ રાખે એવો.
ચોકી કરવી—સાચવવું.

સવાલ—તે છોકરો શાથી શરમાઈ ગયો? (સૌએ રમવા આવવાની ના કહી તેથી.) કોણે કોણે ના કહી? દરેકે શું શું કામ બતાવ્યું?

સાર—જે આળસુ હોય તેને પોતાના મનમાં અણગમો થાય છે, અને બીજા પણ તેને હલકો ગણી તેની સોબત કરતા નથી.

પાઠ ૨ જો.

ઝંખવાણો—શરમાઈ ગયો, ફીકો.
મચ્યાં—મંડયા.
જીવતર—જીંદગી, અવતાર.
લાગલું—તરત.
તાકીદ કરીશ—ખબર આપીશ, હુકમ કરીશ.
મના—ના કહેવી.
નવરાશ—કામ વગરનો વખત, પરવાર.

પાઠ ૩ જો.

સદાચરણ—સારી ચાલ.
પહેલ—પહેલવહેલું.
સેહેલ—સેહેલું.
વાણુ—બોલ
કોપવું—રીસ કરવી.
જન—માણસ.
ધરીને—લઇને.

સમજુતી—જે માણસ (એમ) જાણે કે જગતમાં, જનમ લઈને પહેલવહેલું, સારી ચાલથી ચાલવું, તે સહેલથી સુખ પામે છે.

(૧) જે (માણસ) જાણીતી વાતો કરે, ને મીઠા બોલ બોલે, તથા બીજા ઉપર રીસ કરે નહિ, તેને ડાહયો જાણવો. (૨).

સાર—જે સારી ચાલથી ચાલે છે તે સુખ પામે છે. સારી ચાલ તે જૂઠું ન બોલવું, ચોરી ન કરવી એ વગેરે છે.

પાઠ ૪ થો.

વગડાઉ–વગડામાં રહે તે.
વગડો–જ્યાં કોઇ માણસ રહેતું ન હોય તે, જંગલ.
ડાંસ–મોટા મચ્છર.
ટુંકા–નાના.
આછા–છેટે છેટે.
હીંડે–ચાલે.
હળ–હોળ, જમીન ખેડવાનું હથીયાર.
પૂરી પડે–તેની બરાબર જોર કાઢે.

સવાલ—ગાય ને ભેંસના શરીરમાં શો ફેર છે? પાડાને શું કામમાં લે છે? હળ શામાટે ફેરવે છે? ભેંસ પાણીમાં પડે ત્યારે નાક ને માથું ઉપર શામાટે રાખે છે? વગડાઉ ભેંસો કેમ બહુ જોરાવર હોય છે? (તેને કોઈ દોહતું નથી, તેમજ જંગલમાં મરજી મુજબ ચરી ખાવાનું મળે છે; તેનાં બચ્ચાં બધું દુધ ધાવી જાય છે તેથી તે પણ નાનપણથી જબરાં થઇને ઉછરે છે.)

પાઠ ૫ મો.

ગાળાગાળી–એકબીજાને ગાળ દેવી તે
સ્વભાવ–ટેવ.
રાજકુંવર–રાજાનો છોકરો.
સજા–વાંકનું ફળ.
અણસમજુ–સમજ વગરનો.
યાદ રાખવું–ફોમ રાખવું.
સાર–લાભ, ફાયદો.
બડાઈ–મોટાઇ.
દંડ–ગુન્હા માટે નાણું લેવું તે.
શિક્ષા–સજા.
ફરિયાદ–જાહેર કરવું, જણાવવું.
કચેરી–સરકારી માણસની સભા.
બંદીખાને–કેદખાનામાં.
માફ કરવું–જવા દેવો.
વચન–બોલ.

સવાલ—કોણે કોને ગાળ દીધી ? રાજકુંવરે શું કર્યું ? રાજાએ શું કર્યું ? કચેરીના માણસોએ શો જવાબ દીધો ? પછી ગાળ દેનારને શી શિક્ષા કરી ?

સાર—ગાળાગાળી એ કરવી બહુ નઠારૂં કામ છે, કોઇનો વાંક થયો હોય તો તેને માફ કરવું એ બહુ સારી રીત છે, એથી લોકમાં વખાણ થાય છે. (શાથી વખાણ થાય છે ?)

પાઠ ૬ ઠો.

બાખતા—બોલીને.
બાળકી—છોકરી.
ભુંડા—નઠારા માણસો.
ખોટી—નઠારી.
નર—પુરૂષ.
નાર—સ્ત્રી.

જશ—આબરૂ.
તોલ—પરીક્ષા.
ભુંડું—નઠારૂં.
ધણી—માણસ.
નરનાર—લોકોમાં.
(નર તથા નાર ઓળખાવવાં)

સમજુતી—નઠારા માણસો નઠારૂં બોલીને, નઠારી ગાળો ખાય છે, એવા ગોટા મૂરખની, જગત્‌માંથી આબરૂ જાય છે. (૧) જે માણસ ભુંડું બોલે, ને ગાળાગાળી કરે, તેને મૂરખ જાણવો, અને તે બહુ દુઃખી થાય છે. (૨) જે છોકરો કે છોકરી, જેવા બોલ બોલશે, તેવીજ લોકોમાં તેની પરીક્ષા થશે. (૩)

પાઠ ૭ મો.

ચાલ—ધારો, રીવાજ.
રીતભાત—ચાલચલગત.
દેશ—મુલક.
મારવાડી—મારવાડના રેહેવાશી.
દક્ષિણી—દક્ષિણ દેશના રહેવાશી.

પેહેરવેશ—પેહેરવાના લુગડાં, પોશાક.
ઘુમટો—મોઢું ઢંકાઇ જાય એટલું ઓઢવું ત.
(ચોરણો ને સુરવાળ એ લેંઘાની પેહેરણાના છે એનો ભેદ તથા સાહેબ લોક અને હબસી એ ટોપી વરણન કરી સમજાવવું.)

સવાલ—સાહેબ લોક કઈ કઇ વાતે આપણાથી જુદા પડે છે ? દાઢી રાખવી અને ન રાખવી એટલે શું ? કઇ કઈ બાબતોમાં ઘણું ખરૂં જુદાપણું છે ? (૧ પોશાકમાં, ૨ બોલીમાં, ૩ શરીરના રંગ વગેરેમાં.) દરેકમાં શો શો ફેર છે તે દાખલા સાથે કહો.

પાઠ ૮ મો.

સંઘરે—એકઠું કરવું.
કણ—દાણા.
સંગ્રહ—એકઠું કરી રાખવું.
રૈયત—લોકો.
સંઘાત—સાથે; સોબતે.
દુકાળ—અનાજ પાકેલું ન હોય એવો મોંઘવારીનો વખત.
કોઠાર—દાણા ભરવાનો.
સકાળ—સોંઘવારીનો વખત.
પ્રધાન—વજીર.
અચરજ—નવાઇ.
ગંજીઓ—સીંચેલું ઘાસ; કુંદવાં.
ચંદી—ઘોડાને ખવાડવાના દાણા.
ખાણ—જમીનની નીચે દાણા ભરવાનો ઓરડો.
હેરાન—દુઃખી.
દુબળાં—નબળાં.

સવાલ—દુકાળ કોને કહેવો ? સકાળ કોને કહેવો ? કીડી કેમ નબળી નહિ પડી ગઇ ?

સાર—સોંઘવારીમાં દાણો વગેરે સંઘરી રાખે તો તેને દુકાળમાં (કીડીને પેઠે) દુઃખ પડે નહિ.

કવિતાની સમજ—જુઓ કે કીડી જાતે જનાવર છે, તોપણ દાણા સંઘરી રાખે છે, ને બધી સંઘાતે મળીને, વળી હંમેશા સંપથી રહેછે. (૧)

પાઠ ૯ મો.

વડવાઇ—વડની મૂળી.
છાંયડો—શાળો.
અસલ—પેહેલાનું, જૂનું.
ઘટા—પાંદડાં ને ડાળાં સજ્જડ હોય તે.
આરામ—સુખ.
ઇમારત—ઘર.

(કાબર અને ટેટા એના રંગ તથા કદ વગેરે પુછીને ઓળખાવવાં.)

સવાલ—વડનું ઝાડ કયાં કયાં ઝાડથી મોટું હોય છે? થડ કોને કહેવું? શું ઓળખતાં મેહેનત પડે છે? વડનાં ને બાવળનાં પાંદડાંમાં શો ફેર છે? પશુ ને પંખીમાં શો ફેર છે? દરેકના એક બે દાખલા આપો. વડનાં લાકડાં કયા કામમાં આવતાં નથી? ઇમારત બતાવો. ઘર બાંધવામાં શેનાં લાકડાં બહુ વપરાય છે?

પાઠ ૧૦મો.

વિખ—ઝેર.	(ચીપીઆ, ચુસવું, ચાંદી, સુજેલું એ શબ્દો મોઢેથી વરણન કરી સમજાવવા. ચીપીઆનું ચિત્ર પાડીને તથા ચુસવાની રીત બતાવીને સમજાવવું.)
ડંખ—આંકડો.	

સવાલ—નાના વીંછીને મોટા વીંછીમાં શો ફેર હોય છે? એને હાથપગ વગેરે શું શું હોય છે ને કેટલાં હોય છે? તે કેવી જગામાં રહે છે? ? કોઇ જીવડા સાથે લડતાં પોતાનો બચાવ શાથી કરે છે? એ ઉતારવાનો ઉપાય શો છે? કોનાથી ઝેર નહિ ચૂસી શકાય?

પાઠ ૧૧મો.

વિલાયત—સાહેબ લોકનો દેશ.
ખબરદાર—હોંશીઆર.
સુખી—સારી હાલતમાં.

સવાલ—કયા દેશમાં છોડીઓ બહુ ભણે છે? વિલાતના લોક બહુ ખબરદાર છે?

પાઠ ૧૨મો.

અવાજ—સાદ.
પાંજરૂં—પોપટને રાખવાનું.
પાળવું—ઘેર રાખીને ઉછેરવું.
અર્થ—સમજણ; માએનો.

સવાલ—કોને બોલતાં શીખવીએ તો આવડે? (કેટલાંએક પંખીને.) પોપટના શરીરનાં અવયવો કયા કયા છે? કૂતરાની પૂછડી ને પોપટની પૂછડીમાં શો ફેર છે? એક બે ફળનાં નામ દો. પોપટનાં બચ્ચાં કયાં સુધી તેની સાથે રહે છે? પોપટમાં કાંઇ શક્તિ નથી? કેવા છોકરાને પોપટ જેવો કહેવાય?

પાઠ ૧૩મો.

અતોલ–ઘણું.
કાંઠલો–કાળો લીટો.
મનુષ્ય–માણસ.
અથાગ–ઘણું.
ઉપજે–થાય.
ધારે–રાખે.
પ્રીત–હેત.
નમણું–નમેલું.
સૂણતાં–સાંભળીને.
ધાક–બીક.
અંગ–શરીર.
હરખ–ખુશી.
કાગ–કાગડો.

સમજુતી—પોપટ પાંજરામાં બેઠો છે, તે મીઠા બોલ બોલે છે, તે સાંભળીને સૌના મનમાં, ઘણો હરખ થાય છે. (૧) કોટે કાળો કાંઠલો છે, ને નમેલું રાતું નાક છે, શરીરે લીલા રંગનો છે, ને બણીનો ધાક રાખે છે. (૨) મીઠું બોલવાથી માણસને, ઘણું હેત ઉપજે છે, (જુઓ કે) પોપટને હેતથી (લોકો) પાળે છે, ને કાગડાને પાળતું નથી. (૩)

પાઠ ૧૪મો.

વચન–બોલ.
માન–આબરૂ.
અસર–લાગણી; ટેવ.
આવકાર–આવો બેસો એમ કહીને માન આપવું તે.
નવાઇ–નવી વાત.
ઠોંગાઇ–લુચ્ચાઇ.
નીવડયું–નીકળ્યું.
વાઘરી–પંખીને પકડનારો.
માઠું–નઠારૂં.
માલૂમ–ખબર; જાણ.

સવાલ—વાઘરી શું લાવ્યો ? કયાંથી લાવ્યો ને તેનું શું કર્યુ ? બેઉ બચ્ચાં જુદા સ્વભાવના શાથી થયાં ? લોકમાં શી કહેવત ચાલે છે ?

સાર—નઠારાની સોબતથી નઠારી ટેવ પડે છે, માટે નઠારાની સોબત કરવી નહિ.

પાઠ ૧૫ મો.

કણબી—ખેતીનો ધંધો કરનારી એક જાત.
ધન—રૂપિઆ.
તન—મન.
અંતકાળ—મરવાનો વખત.
પુંજી—રૂપીઆ, માલમતા.
લાલચ—લોભ, ખોટી આશા.

સવાલ—કણબીના છોકરા કેવા હતા? એ કેવો સ્વભાવ કહેવાય? (આળસુ). છોકરાઓએ બાપને શું પૂછ્યું? ક્યારે પૂછ્યું? શા માટે પૂછ્યું? બાપે છોકરાને જૂઠું શા માટે બતાવ્યું?

સાર—જો ધન દાટેલું હોત તો તે એકજ વખત મળત, પરંતુ આ રીતે તો હર વરસ મેહેનત કરે તો પૈસા મળે.

પાઠ ૧૬ મો.

પેદા કર્યા—બનાવ્યા.
બનાવ્યા—કર્યા.
કોપશે—ગુસ્સે થશે.
રખવાળી—સાચવવું.
કૃપાળુ—દયાવાળો.
વાના—વસ્તુ.
જાળવે—સાચવે.

સવાલ—શરીરના કયા કયા અવયવો છે? અને તે દરેક શું કામમાં આવે છે? તમે શું શું જુઓ છો? તમારે કયાં સગાં વહાલાં છે? તેને કોણે બનાવ્યાં? પરમેશ્વરે આપણને શા માટે પેદા કર્યા છે?

પાઠ ૧૭ મો.

છોબંધ—છોવડે બાંધેલું તે.
જથો—પાસે પાસે હોય તે.
કોટ—ચોમેર ફરતી છોબંધ ભીત.
દરવાજા—મોટાં બારણાં.
જવલ્લે—કોઇક ઠેકાણે.
ફળીયું—સામસામે ઘરની બે હાર, મોહોલ્લો.
હારબંધ—જોડે જોડે.
અડચણ—હરકત.
સહજ—ઝટ.
જનાવર—વાઘ, સાપ વગેરે.
ચૌટાં—બજાર.
શેહેર—મોટાં ઘરને બજાર હોય તે.
હાટ—દુકાન.

સવાલ—એકલું રહેવું કેમ ગમતું નથી? બારીને જાળીમાં શો ફેર હોય છે? ફરતો કોટ અથવા વાડ શા માટે કરે છે? ઝાંપો અને દરવાજા કયાં હોય છે? શા માટે મૂકવા પડે છે?

પાઠ ૧૮ મો.

ઈંદ્રીઓ—આંખ, નાક, કાન, જીભ, ચામડી વગેરે.	લીસી—સુંવાળી.
આકાર—દેખાવ.	ધબાકો—અવાજ.
માલૂમ પડવું—ખબર થવી.	વાસ—ગંધ.
	મજાની—સારી.

સવાલ—ઈંદ્રીઓ કઇ કઇ છે? દરેક ઈંદ્રી શું કામ બજાવે છે?

પાઠ ૧૯ મો.

કોહાણ—કોહેલું.	એઠવાડ—એઠું, દાળ, શાક વગેરે.
રળીઆમણું—શોભીતું.	લાજ—શરમ.
ગંદવાડ—ગોજવાડ.	આંગણું—બારણા પાસેની જમીન.
જીવ જંતુ—જીવડાં.	છૂટ—ખાલી જગા, મેદાન.

સવાલ—કઇ વાતમાં મોટી શરમ છે? મચ્છર શાથી પાકે છે? તે કરડે છે એ ઉપરથી શું શીખામણ લેવી? ઘરનો કચરો કયાં નાખવો? જાતે ચોખ્ખા રહેવા ઉપરાંત શું કરવું જોઇએ? (બીજાને બોધ.) વાડામાં જગા હોય તો શું કરવાથી સારૂં દેખાય?

પાઠ ૨૦ મો.

ચીર—લુગડાં.	મધપૂડો—મધનો ભરેલો પૂડો.
ખાપ—આરસી.	વાન—કાહું, રંગ.
રચે—બનાવે.	ચિત્ત—મન.
સજ્જન—સારા માણસ.	રાજી—ખુશી.
માપ—માપું, ભરત.	મનુષ્ય—માણસ.
ચીજ—વસ્તુ, પદાર્થ.	વળે—પોષાય, જણરૂં થાય.

સમજુતી—બધી ચીજો ચોખ્ખી રાખવી, ચોખ્ખાં લુગડાં પહેરવાં, ને ઘર તથા ચોક પણ ચોખ્ખાં રાખવાં, ચોખ્ખા રાખવાથી શરીર સુખી રહે છે. (૧) મધમાખી માપ રાખીને, મધપૂડો સારો બનાવે છે, તેમાં ડાઘા કુધી દેખાતા નથી, ને ખરેખરો સાફ આરસી જેવો દેખાય છે. (૨) ચોખ્ખું રહેવાથી મન રાજી રહે છે, ને શરીરનું કાઠું પોષાય છે, ચોખ્ખા રહેવાથી ચાર સારા માણસમાં, માણસને માન મળે છે. (૩)

પાઠ ૨૧ મો.

સુંવાળા—લીસા.	ફલંગો—છલંગો, મોટાં ડગલાં.
નક્કર—મજબૂત.	બોજો—ભાર.
મંજલ—મુસાફરી.	માયા—હેત.
નિર્દય—દયા વગરનો.	ચાહે છે—ભાવ રાખે છે.
ખોંખારવું—ઘોડાનું બોલવું.	(નાળ ઘોડાની ખરી પરની બતાવવી.)

સવાલ—ઘોડો ગાય જોડે કઇ વાતમાં મળતો છે? કઇ કઇ વાતમાં જૂદો પડે છે? નાળ શેની થાય છે? તે કયાં ને શા માટે જડે છે? ઘોડો બેસવા સિવાય બીજા શા કામમાં આવે છે? (૧ બોજો વહે છે, ૨ ગાડીએ જોડે છે, ૩ હળ પણ ખેંચે છે.) (ચાર પગ, લાંબી પૂછડી, ને આખે ડીલે વાળ એ ત્રણમાં ગાય ને ઘોડો મળતાં આવે છે; ને નીચેની વાતમાં જૂદાં પડે છે.)

ઘોડો—પૂછડાના વાળ લાંબા, શીંગડાં નથી, ખોંખારે છે, ખરી ફાટ વિનાની નક્કર.

ગાય—પૂછડાને છેડે વાળ, શીંગડાં છે, બરાડે છે, ખરીમાં ફાટછે.

પાઠ ૨૨ મો.

કાતરા—આમલીની શીંગો, કેહેક.	ચીકણું—ઝટ ફાટે નહીં એવું.
વટેમાર્ગુ—રસ્તેથી જનાર.	ચીચોડા—આમલીના બી.
સંગીન—નક્કર.	ચોખંડા—ચાર ખુણાવાળા.
કચુકા—ચીચોડા.	ફોરૂં—છાંટા.

સવાલ—આમલીનાં પાદડાંને શું કહે છે? (પાલો.) આમલી શેમાં નાંખે છે? એનું ઝાડ કેટલું ઊંચું થાય છે? એનું લાકડું ચીકણું કેમ થાય છે? આમલી શી રીતે સંઘરી રાખે છે?

પાઠ ૨૩ મો.

અક્કલ—બુદ્ધિ.	નવ—નહિ.
ઘણેરી—ઘણી.	તાત—બાપ.
નેક—નક્કી.	મોજ—મઝા.
મહાલે—ભોગવે.	શાણા—ડાહ્યા.
વિશ્વ—જગત.	નિત્ય—રોજ.
તસુ—બે આંગળ (બતાવવું.)	ઠામ—ઠેકાણે.
માતા—મા.	કેરા—નો.
વિખ્યાત—જાણીતું.	વિષે—માંહે.

સમજુતી—મા અને દીકરીનું એકજ નામ છે તે અક્કલથી જાણ્યું, તેનું રોજ રોજ ઘેર ઘેર નક્કી કામ પડે છે; મા તો એકને એક ઠેકાણે રહે છે, એક તસુ પણ ચાલતી નથી; અને દીકરી ગામે ગામ, ઘણી મોજ ભોગવે છે; વળી તે દીકરીનો દીકરો, માનો બાપ થાય છે; શામળ કવિ કહે એ જગતમાં જાણીતું છે, માટે હે ડાહ્યા માણસો તમે સમજી લો. (૧)

પાઠ ૨૪ મો.

ચાટલું—આરસી	ખાળવું—અટકાવવું.
રતાંધળો—રાતે સુઝે નહીં તે.	રજ—છેક નાનું કચરૂં.
પોપચું—આંખનું ઢાંકણ.	પાંપણ—પોપચાંને છેડે વાળ હોય તે
ખાળવું—અટકાવવી.	જતન—રક્ષણ.
જતન—રક્ષણ.	સારે છે—કરે છે.
ખાળે છે—અટકાવે છે.	(છાજલી, કમાન, ભમર એ શબ્દોની મોઢેથી સમજ પાડી ઓળખ આપવી.)
પાડ—ઉપકાર.	

સવાલ—આંખ વડે કઇ કઇ મોટી જણસ દેખાય છે? આંખમાં કોની મેડે આકાર પડે છે? ઘણુ અજવાળું કે છીડકું આંખમાં કેમ જવા પામતું નથી? તમારૂં પોપચું, પાંપણ, ને ભમર બતાવો. કાણો, રતાંધળો, ને આંધળો કોને કહેવો? આપણે શા માટે ઈશ્વરનો પાડ માનવો જોઇએ?

પાઠ ૨૫ મો.

કહેવત—કેહેણી.	લટકતાં—ટાંગેલાં.
ઘાટ—ડોળ, આકાર.	કુંભાર—માટીના વાસણ ઘડનાર.
બળતણ—બાળવાનું.	વણવું—લુગડું તૈયાર કરવું.
ભાખરી—ઘઉંનો રોટલો.	(કપાસ ઓળખાવવો.)
કાંતવું—રૂનું સૂતર કરવું.	

સવાલ—અનાજ, વાસણ, અને લુગડાં શી રીતે તૈયાર થાય છે? લોકમાં શી કહેવત ચાલે છે? એ ઉપરથી શું સમજવું જોઇએ?

સાર—મેહેનત વિના કંઇ પણ સુખની વસ્તુ મળે નહિ.

પાઠ ૨૬ મો.

ધરતી—જમીન.	ધાન્ય—અનાજ.
થોક—ઢગલા.	ખાંતે—ખંતથી.

સમજુતી—ખાવા પીવાનું અનાજ પાણી, અને શરીર પર ઓઢવા પેહેરવાનાં, રાતા પીળા રંગનાં લુગડાં, તે સૌ મેહેનતમાંથીજ મળી શકે છે. (૧) ધરતીમાંથી અનાજ તો, ઢગલે ઢગલા થાય છે, પણ જો ખંત રાખીને ખેડે નહિ, તો ખાવાનું કંઇ મળે નહિ. (૨) આપણને ઇશ્વરે બધી વાતના ઉપાય આપેલા છે, પણ બળતણ ને વાસણ વિના રંધાય નહિ. (૩)

પાઠ ૨૭ મો.

હાલ–હમણા.	કાં–અથવા.
શણગાર–લૂગડાં.	અર્થનું–કામનું.
પરઘેર–પારકે ઘેર.	પેર–રીત.
સરસ–સારાં.	

સમજુતી—હાલ વખત જે તારે તારા કામનું હોય, તે તો તું તૈયાર કર, તે કંઇ કોઇ કરી આપવાનું નથી. (૧) લૂગડાં કંઇ ઝાડે તૈયાર લટકતાં નથી, વાવીને કાંતે અને પછી વણે, તો સારાં લૂગડાં થાય. (૨) માટે ઘેર રહીને કે પારકે ઘેર રહીને, જો મેહેનત કરે તોજ ચાકરી કરતાં સારી રીતે ભાખરી મળે છે. (૩)

પાઠ ૨૮ મો.

દાન–ધર્મને વાસ્તે આપવું તે.	કૃપણ–કંજુસ, પૈસા વાપરે નહિ.
આપદા–ફીકર.	ગંધ–નઠારી વાસ.
આંતરડી–મન.	મુદ્દલ–જરા.
પરોપકાર–બીજાનું સારૂં કરવું તે.	ગજું–શક્તિ.
પુણ્ય–સારૂં ફળ.	નારાજી–નાખુશ.
આશિષ–સારી દૂઆ.	લેખે પડે–ઠેકાણે પડે.
વાવરવું–વાપરવું.	ફોકટ–નકામું.
સુમ–પૈસા હોય તે છતાં વાપરે નહિ તે.	કંગાળ–ઘણાજ ગરીબ, ભૂખે મરતો.

સવાલ—ધાણુ સંઘરી રાખવાથી શું થાય છે? માટે તેનો શો ઉપયોગ કરવો? પૈસો સંઘરી રાખનારને શું કહે છે? પૈસો ગજા પ્રમાણે પરોપકારમાં વાપરીએ તો શો લાભ થાય? (૧ પૈસો લેખે પડે, ૨ ગરીબો આશિષ આપે, ૩ પરમેશ્વર રાજી થાય, ૪ દુનિઆમાં જશ મળે.) કોને આપીએ તે નકામું જાય? કોની પેઠે નકામું જાય? કોને આપવું એ બહુ સારૂં કામ છે.? હાથ પગ શાથી અટકે છે? (રોગ અથવા ઘડપણથી.)

પાઠ ૨૯ મો.

દેશાઇ—વતનદાર.
સાચ—સાચું.
ઉઠયાં—નીકળ્યાં.
દાખલા—વાત, ઉદાહરણ.
ચપ્પુ—કલમ ઘડવાનું હથીઆર.
ગમ્યો—સારો લાગ્યો, પસંદ પડયો.
છૈયાં—છોકરાં.
લેખણ—કલમ.
(રૂપીઆ તથા ચપ્પુ શબ્દનું મોઢેથી વિવેચન કરવું.)

સવાલ—દેશાઇનાં છોકરાં કેમ સારાં નીકળ્યાં ? સારી સોબતથી સારાં નીકળે એવી વાત તમારે કયા પાઠમાં આવી ગઇ છે ? (પોપટનાં બચ્ચાંની વાત યાદ દેવડાવવી.)

(જેને સરકારમાંથી મફત જમીન મળેલી હોય અથવા હર વરવરસ કંઈ રોકડ રકમ મળતી હોય તેને દેશાઇ કહે છે.)

પાઠ ૩૦ મો.

સાચાબોલું—સાચું બોલનાર.
ગભરાવું—અકળાવું.
ધીરજ—હીંમત.
માની દેવો—કબુલ કરવો.

સવાલ—પાઘડીનો કાપ કોણે દીઠો ને કયારે દીઠો ? દેશાઇએ છોકરાને કેટલો માર્યો ? શામાટે હેત બતાવ્યું ? કેવું છોકરું સૌને ગમે છે ?

સાર—સાચું બોલવાથી વાંકની માફી મળે છે, ને સામા માણસની રીસ ઉતરી જાય છે. (૨) વાંક નહિ થાય તેને માટે સંભાળ રાખવી, ને અજાણતા થઈ જાય તો માની દેવો.

પાઠ ૩૧ મો.

સંકટ—દુ:ખ.
ક્રોડ—ઘણું જ ; સો લાખ.
પરલોક—સ્વર્ગ.
સિંધુ—દરિઓ ; નદીનું નામ છે.
શુભ—સારૂં.
સહીએ—વેઠીએ.
સર્વ—બધું.
સદા—હમેશાં.
સરે—થાય.
(હોડી તથા રાત એ શબ્દોનું મોઢેથી વિવેચન કરી સમજાવવું.)

સમજુતી—બધું દુઃખ વેઠીએ, પણ સાચી વાત કહેવી, એથી રાત દિવસ સુખી રહીએ છીએ, ને મુઆ પછી સ્વર્ગમાં સુખ મળે છે. (૧) સાચું છે તે હંમેશા સારૂં છે, જુઠું બોલવાથી દુઃખ જણાય છે, કરોડો ઉપાય કરી જુઓ, પણ સાચાથીજ સુખ થાય છે. (૨). સાચાથી હંમેશા કામ થાય છે, ને જુઠું બોલવાથી નક્કી થતું નથી, કાગળની હોડી કરીએ, તેથી દરિઓ તરાય નહિ. (૩)

સાર—જુઠું છે તે કાગળની હોડી જેવું પોગળ છે.

પાઠ ૩૨ મો.

કાતરવું-કાતર વડે કાપી લેવું.	ભરવાડ ઘેટાં પાળનારી જાત.

(ધાબળી અને કામળો એનું મોઢેથી વરણન કરી સમજાવવું.)

સવાલ—ઘેટાં શા માટે પાળે છે? (ઉન, દૂધ, ચામડાં ને માંસ સારૂ.) બનાત તથા શાલ શેની થાય છે? એવું ઉન ક્યાં થાય છે? ઉન ક્યારે કાતરે છે? કાતરવાથી ઘેટાંને તથા પાળનારને શો લાભ થાય છે? શિઆળામાં કાતરે તો શું થાય?

પાઠ ૩૩ મો.

ઝરવું-થોડું થોડું વહેવું.	પોપટીઆં-પોપટના જેવો લીલો રંગ.
લીંબોળીઓ-લીંબડાનું ફળ.	વીખ-ઝેર.
રોગ-મંદવાડ.	

(પટી, ઓળખાવવી.)

સવાલ—લીમડાના પાંદડાં કેવા રંગના હોય છે? એના ફળનું નામ શું અને તે કોના જેવાં હોય છે? એના પાદડાં શું કામમાં આવે છે? એના લાકડાં શું કામમાં આવે છે? એવા કામમાં કયું લાકડું આવતું નથી? એનાં પાંદડાં સ્વાદે કેવા હોય છે? ત્યારે કડી-માં કે...

પાઠ ૩૪મો.

ધાન્ય—એટલે અનાજ.
ડુંડું—બાજરીનું કણુસલું.
પૈસાદાર—પૈસાવાળા.
ઉંબી—ઘઉંના દાણા જેમાં પાકે છે તે; કંઠી.
કણુસલું—જુવારના દાણા પાકે છે તે.
કડબ—કણુસલાં કાપી લીધા પછીના સૂકા છોડ.
બાજરીઉં—બાજરીનું ડુંડું.
પૂળા—કડબના દશ વીશ છોડ સાથે બાંધેલા હોય તે.
જાર—જુવાર.

સવાલ—ચોમાસું કયા મહિનામાં બેસે છે? દીવાળી કયા મહિનામાં આવે છે? શિઆળો કયારે બેસે છે? ઉનાળો કયારે બેસે છે? શિઆળો ઉનાળો આપણને શી રીતે જણાય છે? ગરીબ લોક કેમ ઘઉં ખાતા નથી? તમારી ઓળખાણમાં કોણ પૈસાદાર છે? ઘઉંના દાણા શેમાં ભરાય છે? (ઉંબી અથવા કંઠીમાં.)

પાઠ ૩૫મો.

તલસરા—જેમાં તલના દાણા પાકે છે તે.
પોપટા—જેમાં ચણાના દાણા હોય છે તે.
ડાંગર—ભાત.
ઉપજે—થાય.
(શેરડી, શીંગ, કઠોળ, જવ, એ વસ્તુઓ બતાવવી.)

સમજુતી—બાજરીઆમાં બાજરી થાય છે, ને કણુસલામાં જુવાર થાય છે, ઘઉં, ડાંગર ને જવ એ ઉંબીમાં પાકે છે. (૧) તલના તલસરા થાય છે, ને બધાં કઠોળ શીંગમાં પાકે છે, ચણાના પોપટા થાય છે, ને શેરડીમાંથી શાકર ને ગોળ બને છે. (૨) ચોમાસાના ચાર મહિનામાં, બાજરી ને જુવાર થાય છે, અને શિઆળામાં ઘઉં ને ચણા એ સઘળું તેવાર થાય છે. (૩)

પાઠ ૩૬મો.

ધરતી—જમીન.
કિલ્લો—ફરતા કોટવાળું મકાન.
નાળાં—નાની નદી.
પહાડ—ડુંગર, ઘણા ઊંચા ટેકરા.
(મરડીઆ દેખાડીને ઓળખાવવા.)

સવાલ—ધરતી ઉપર શું શું હોય છે? એ દરેકનો શો ઉપયોગ છે? ચાર છે તેના નામ તથા ઉપયોગ નીચે પ્રમાણેઃ—

નદી—પાણી પીવું, નહાવું, લૂગડાં ધોવાં, કાંઠાના ખેતરમાં પાવું, વહાણ ચાલે.

પહાડ—ઘર બાંધવાના તથા બાળવાના લાકડાં થાય છે, ને કિલ્લા બાંધે છે.

ઘાસ—ઢોર ખાય છે.

નાળાં—મરડીઆ કાંકરા નીકળે છે તેનો કાચો ચુનો એટલે છો થાય છે.

પાણી બીજી કઇ કઇ જગાએથી મળે છે? કિલ્લા પહાડપર શા માટે બાંધે છે?

પાઠ ૩૭મો.

રાન—જંગલ.
અનેક—ઘણા.
માણેક—લાલ રંગનું રત્ન.
પદાર્થ—વસ્તુ.
જામફળ—જમરૂખ.
હીરા—ભારે કીમતનું રત્ન.
વન—જંગલ, વસ્તી વિનાની જગા.

સવાલ—કાલે આપણે ધરતી ઉપરની કઇ વસ્તુ જાણી? એ ચાર સિવાય બીજું ધરતી ઉપર શું શું છે? તે દરેક શું કામમાં આવે છે? નીચે પ્રમાણે પાંચ છે તેનો ઉપયોગ જણાવ્યો છે.

વન—એમાં ઝાડ થાય છે તેના લાકડાં ઘર બાંધવાના કામમાં આવે છે

ખેતર—દાણા ને કપાસ પાકે છે.
ધાતુની ખાણ—એમાંથી ધાતુ નિકળે છે તેનાં વાસણ, ખીલા ને નાણું વગેરે થાય છે.
માટી—એનાં ઈંટ, નળીયાં ને વાસણ થાય છે.
વાડી—એમાં શાક, ફળ, વગેરે થાય છે.

ધાતુની કઈ કઈ જાત છે? તે દરેકનું શું શું થાય છે?

પાઠ ૩૮ મો.

સેવા—ચાકરી.	નીપજે—થાય.	વેદના—દુઃખ.
જંપવું—ઠરીને બેસવું.	રોઇને—રડીને.	માથે ચડાવવું—કહે તેમ કરવું.
દાઝ—દયા, લાગણી.	પજવતા—દુખી કરતા.	
ઊછેરવું—મોટા કરવું.		

સવાલ—માબાપ જેવું હેત વહાલ કોણ રાખે છે? (કોઈ નહિ.) તમારે સુખે સુખીને તમારે દુઃખે દુખી આરસે શું? (તમે સુખી તો તે સુખી અને તમે દુઃખી તો તે દુઃખી રહે છે.)

પાઠ ૩૯ મો.

ગુણ—ઉપકાર.	દાસ—ચાકર.	લેશ—જરા.
અવસર—વખત.	ઉમર—જીંદગી.	લાજ—શરમ.
અમાપ—ઘણુંજ.	આપથી—પોતાની મેળે.	ટાણે—વખતે.
ડગમગ—ઝાલ્યા વગર.	ટકતો—ઠરતો.	
બરદાસ—ચાકરી.	ખાજ—ખાવાનું.	

સમજુતી—બાળપણમાં ઝાલ્યા વગર પગ ઠરતો નહિ, ખાવાનું પણ ખવાતું નહોતું, પોતાની મેળે ઉઠાતું પણ નહિ, ને જરા પણ શરમ નહોતી. (૧) એવા વખતમાં દયા આણીને, માબાપ દુઃખ વેઠીને, બાળકને સુખ આપે છે, એ ઉપકાર ઘણોજ છે. (૨) એવે વખતે કોઈ બે ઘડી પણ બરદાસ કરે, તો તે માણસ બરદાશ કરનારનો આખી જીંદગી સુધી ચાકર થઈને રહે. (૩)

પાઠ ૪૦મો.

ધૂળ—બે કાંઠાનું જોડખું.

પૂડીઆં—પૈડાંમાં જે ઉપર લોઢાંની વાટ આવે છે તે ભાગ.

આરાં—પૈડામાં જે લાંબા કડકા હોય છે તે.

નાઇડી—પૈડાના જે ભાગમાં આંક અથવા ધરી ઘાલે છે તે ભાગ.

તૂરાશ—કડવાશ.

પરડા—બાવળની શીંગ.

ઊતરડવું—ઊકેલવું; ઉતારવું.

આળાં—તરતનું ઉતારેલું ચામડું.

બાવળ, કુમતું, કંડ, એને માટે મોઢેથી વરણન કરી સમજાવવું, પુડીઆં, આરાં, નાઈડી એ ચિત્ર પાડી સમજાવવું.

સવાલ—જમીનની કેવી કેવી જાત હોય છે? (કાળી, ગોરાડુ, બગરી, રેતાળ વગેરે.) પરડાનો શો ઉપયોગ બીજા દેશમાં કરે છે? બાવળનાં પાંદડાંને શું કહે છે? (પાલી.) એનું લાકડું શું કામમાં આવે છે? એનો છાંયડો કેમ બરાબર હોતો નથી? કોનો છાંયડો સારો હોય છે? એની છાલ શું કામમાં આવે છે? એનો ગુંદર શું કામમાં આવે છે?

સૂચના—પરડાનું અથાણું કાઠીઆવાડ તરફ કરે છે. નર્મદાની ઉત્તર તરફ ગાડાંના પૈડાં ઘણા ભારે ને જાડાં થાય છે, તેના ઉપર લોઢાંની વાટ હોતી નથી તેવાં પૈડાંના આરાં, પૂડીઆં બાવળનાં લાકડાંનાં હોય છે. પણ નર્મદાની દક્ષિણમાં પૈડાંની ઉપર લોઢાંની વાટ હોય છે, તેના પૂડીઆં ને આરાં સાગના લાકડાંના થાય છે, ને નાઇડી ખેરના લાકડાંની કરે છે.

પાઠ ૪૧ મો.

શેખસલ્લી—ગાંડા ગાંડા વિચાર કરે તે.

તુરંગ—વિચાર.

બહોળાં—ઘણાં.

ધૂણાવવું—હલાવવું.

બાડવો—ઘીનું વાસણ.

માલિક—ધણી.

વેપાર—માલ લાવવો ને વેચવો.

ચૌટું—બજાર.

સવાલ—ચાર આનાના પૈસા કેટલા થાય? મજુરને કેમ ઉચક્વા આપ્યો? આ વાત ખરી છે કે જોડેલી? પેહેલો ગાય લેવાનો વિચાર કેમ ન કર્યો ને કુકડી લેવાનો વિચાર કેમ કર્યો? ઘર બાંધ્યું એ વાત ખરી કે ખોટી? (ખોટી છે, કેમકે તેનુ ઘર થએલુંજ ન હોતું ફક્ત વિચારજ કર્યા હતા.)

પાઠ ૪૨ મો.

ચણુતર—ચણવાનું કામ.
હાટડાં—તાકાં.
ઝાળી લેવું—નળીયાં ચડાવવાં.
ઓશરી—પરશાળ પાસેની ઘર બહારની જગા.
છાવરાવવું—છો દેવડાવવી.
પાયો—ભોંયમાં ખાડો ખોદી તેમાં જે ભીંત બાંધેલી હોય તે.
કરા—ઘરની બે બાજુની મોટી ભીંતો.
ભોંયરૂં—ભોંયની નીચે ઓરડો હોય તે.
વળીઓ—સાકટા.
સાટું—સરત, પરહણ.
પછીત—પાછલી ભીંત.
ટાંકું—વરસાદનું પાણી ઝીલીને ભરી રાખવું.
જાળી—લોઢાના સળીયા જડેલી બારી.
(વળી, વાંસ, કાથો, મોભ, કરાં, પછીત, એ બતાવીને એ સંબંધમાં સામાન્ય જ્ઞાન આપવું.)

સવાલ—પાયો શું કામ નાંખે છે? ટાંકું શું કરવા બાંધતા હશે? વરસાદનું પાણી શા માટે ઝીલવું પડે છે? (મીઠા કૂવા ન હોવાથી) જાળી શા વાસ્તે મૂકે છે? જાળીને ઠેકાણે બારી મૂકવામાં શી અડચણ છે? (જાળી તથા બારી એ અજવાળું તથા પવન માટે મૂકવામાં આવે છે. ભોંય તળીએ અજવાળા સારૂ જાળી મૂકવી પડે છે, કેમકે પવનને સારૂ વખતે રાત્રે ખુલ્લી રાખે તોપણ કોઇથી પેસી શકાય નહિ. માળ વગેરે ઉંચી જગાએ બારી મૂકાય છે, કેમકે તે ખુલ્લી હોય તોપણ ઉંચે હોવાથી એકાએક કોઇથી આવી શકાય નહિ.) હાટડાં શું કામમાં આવે છે? ભોંયરામાં વાસણ કૂસણ ક્યારે ભરી દે

છે ? છાપરૂં ન હોય તો શી ઇજા પડે ? નળીયાં શેના થાય છે ? તે લાલ કેમ હોય છે ? પરશાળ, ઓશરી, ને ભીંતનો પાયો બતાવ (એ સવાલ પૂછવાનો છે.) ચોક છોબંધ શા માટે કરાવ્યો હશે ? (ટાંકામાંથી પાણી કાઢતાં ઢળે તેથી તે જગાએ કાદવ થાય માટે પાસેનો ચોક છોબંધ કરાવે છે.)

પાઠ ૪૩મો.

બીરાજવું—શોભવું.
છજું—ગોખ.
છોલાણું—છો દેવડાવવી.
ચોરસાં—સરખી લંબાઈ પોહોળાઇના પથરા અથવા ઈંટ.
લુહાર—લોઢાંનો ઘાટ કરનાર.

છુટ—ખુલ્લી જગા.
મેડા—માળ.
મજાનું—સારૂં.
મણા—ભૂલ.
છીંડી—કરા તરફની બાજુ.
(પાટડા, મજાગરા, સાગ, નકુચા, સકાંળ, એ બતાવવાં.)

સવાલ—દાદરો ને નીસરણી શું કામમાં આવે છે ? એ બેમાં શો તફાવત છે ? નકુચા, સાંકળ એ શેનાં થાય છે ને કોણ કરે છે ?

પાઠ ૪૪મો.

છાજવું—શોભવું.
મેના—મધુર બોલનારૂં પક્ષી.
ચૂનાળાં—ચૂનાવાળાં.
ગાલીચા—ભારે કીમતનું ઉનનું બીછાનું.
નીર—પાણી.
ભૂપતિ—રાજા.
સુડા—પોપટ.
ખાટ—ખાટલો.
ચિત્ર—છબી.

રૂપાળાં—સારાં.
દીસે છે—દેખાય છે.
ખુટે—ઘટે.
શુદ્ધ—ચોખ્ખા.
અગાશી—ઘરના પાછલા ભાગમાં ઊંચી ઉઘાડી છોબંધ જગા.
બીરાજવું—સારૂં દેખાવું.
સેજ—પલંગ
બીછાવી—પાથરીને.
(કઠેરા તથા હીંચકાનું વરણન કરીને સમજાવવું.)

સમજુતી—માળ, જાળીઓ, ને ગોખ ઘણા શોભે છે; બારીએ સારાં બારણાં બીરાજે છે; પાણીઆરાં ને રસોડાં સારાં બનાવ્યાં છે, ને ઈંટથી ચણ્યાં છે ને ચુનાવાળાં દેખાય છે. (૧) ભાગે નહિ ને ઘટે નહિ એવાં પાણીના ભરેલાં ટાંકાં છે, તેમાંથી લોક વાંકા વળીને પાણી ખેંચીને પીએ છે, મીઠા ને શુદ્ધ બોલ બોલે એવા પોપટ ને મેના, તેના પાંજરાં પીતળે જડીને રંગેલાં છે. (૨) બેઠક, કઠેરા, ને અગાશી બની રહ્યાં છે, સુતાનો પલંગ ને હીંચકા સારી ખાટ છે, જાજમે તેવી રીતે ગાલીચા પાથર્યા છે, ને ભીંતે સારા રાજાના ચિત્ર પાડયાં છે. (૩)

પાઠ ૪૫ મો.

સઙ્ગ્ડ—પાસે પાસે.
હણહણવું—ઘોડાનું બોલવું.
દાઢ—એવડા દાંત.
વાચા—બોલવાની શક્તિ.
નરરવી—નઠારી.
વાસ—ગંધ; દુર્ગંધ.
(નસકોરાં અને ડાચું એ બતાવવું.)

સવાલ—હેઠલો ભાગ પોચો કેમ હોય છે? (હાડકાં વિના ફક્ત ચામડીનો છે તેથી.) એ પોચો ભાગ બતાવવો. હોઠ શા કામમાં આવે છે? (૧ દાંતને જાળવે છે, ૨ બોલવામાં ટેકો દે છે પ, ફ, બ, ભ, મ, એ અક્ષરો હોઠની મદદ વિના બોલાતા નથી. છોકરાના હોઠ ઝાલી રાખી અજમાવીને ખાત્રી કરી આપવી.) દાઢનું કામ કોના જેવું છે? (ઘંટી) આગલા દાંત શું કામમાં આવે છે? એક બે તીખા સ્વાદની વસ્તુના નામ દો?

પાઠ ૪૬ મો.

ખીજવું—ચીડવું.
વેલાઇ—વરણાગી.
પગરખી—પગની જોડી.
ઝડફટ—ઝાંટી, ઝાપટ.
પછડાઇને—અકળાઇને.
અટવાઇને—ગુંચવાઇને.
રીસાળ—રીસાઇ જાય એવો.
છુટી—હાથમાંથી ફેંકી દઇને.
હાલ—હાલત, અવસ્થા.

સવાલ—રામલાને શા માટે ખીજવવા માંડયો ? રામલાએ પ્રથમ શું કર્યું ? ને તે પછી શું કર્યું ? એથી આખરે એને શું દુઃખ ભોગવવું પડયું ?

સાર—કોઇને ખીજવવાનો વખત આવે એવું કામ કરવું નહિ; ને કોઇ ખીજવે તો ખીજવાવું નહિ.

પાઠ ૪૭ મો.

અદેખાં-બીજાનું સુખ જોઇને નારાજ થાય એવાં.
ખારીલાં-વેર રાખે એવાં.
અવતરવું-જનમવું.
લાગ-દાવ.
કૂરકૂરીઆં-કૂતરાંના બચ્ચાં.
ગેલ-લાડ.
ભોટીલાં-કૂરકૂરીઆં, કુતરાનાબચ્ચાં
ઘૂરકવું-ડોળા કાઢીને જોવું.
જંપે-ઠરીને બેસે.

સવાલ—કેવા માણસને કૂતરાની પૂછડીનો દાખલો અપાય છે? કૂતરાના અદેખા ને ખારીલાપણાનો દાખલો આપો ? કૂતરાનું રાજીપણું શી રીતે માલૂમ પડે ?

પાઠ ૪૮ મો.

ખીલવું-ઊઘડવું.
અંગ-ભાગ.
બહે-કાણાં.
નરી-એકલી.
મૂળીઉં-જમીનમાં રહેલો ભાગ.
થડ-જેમાંથી ડાળી ફુટે છે તે ભાગ.

સવાલ—છોડવાના જુદાં જુદાં અંગના નામ દો? આ છોડવામાંથી દરેક ભાગ બતાવો ? (છોડવો હાથમાં રાખીને પૂછવું.) ફુલ શેમાંથી ખીલે છે ? ફુલ ખરી પડવાથી શું થાય છે ? બીનો શો ઉપયોગ છે ?

પાઠ ૪૯ મો.

લાગલગટ-રોજ રોજ.
ચીચીઓ-કેદીઓ

(ખસ ખસ અને કુણગો એ બે બતાવીને અથવા વરણનથી સમજાવવાં.

સૂચના—જુદા જુદી જાતના ઝાડના ફુલ, ફળ બી વગેરે પૂછીને તથા દેખાડીને ઓળખ આપવી. ઝાડના બી નાના કે મોટાં હોય તે ઝાડના કદ ઉપર આધાર નથી, તે વડ વગેરેના દાખલાથી સમજાવવું.

પાઠ ૫૦ મો.

વહેળો—થોડું થોડું પાણી વહેતું હોય તે, નાની નદી.
તેડે—કાંઠે.
ઉપકાર—કોઈનું ભલું કરવું તે.
બદલો—કોઇએ ભલું કર્યું હોય તેનું પાછું ભલું કરવું તે.
ચટકો—જરા ડંખ દેવો તે.
ઝાંપ—જાળ.
આબરૂ—શોભા.
વાઘરી—જનાવર પકડનાર.

સવાલ—કોણે કોના ઉપર ઉપકાર કર્યો ? કબુતરે શા માટે પાંતરૂં તોડીને નાખ્યું ? (દયા આવવાથી.) કેવો બનાવ જોવાથી દયા આવે છે ? જેને દયા ન ઉપજે તેને કેવો જાણવો ? (પશુ) કીડીએ શી રીતે બદલો વાળ્યો ? આપણે શા માટે બદલો વાળવો જોઇએ ? (એથી ઇશ્વર રાજી થાય છે, ને લોકમાં આબરૂ મળે છે.)

શિખામણ—આપણે કબૂતરની પેઠે બીજા ઉપર ઉપકાર કરતા રહેવું. અને કોઇએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય તો કીડીની પેઠે તેનો બદલો વાળવો.

પાઠ ૫૧ મો.

ડાંગર—ભાત, ડાંગર.
પરાળ—ભાતના દાણા ખંખેરી લીધા પછીના સૂકા છોડ.
ફોતરાં—ચોખાની ઉપરના છોડાં.
તરૂ—રોપવા સારૂ ઉછેરેલા નાના છોડ.
કયારડા—ભાત રોપવાના ખેતર.
લીલાછમ—બહુ લીલા.
પાડ—ઉપકાર.
બારે—ઘણો.

સવાલ—ડાંગરના છોડ પીળા કયારે થઈ જાય છે ? પરાળ શું

કામમાં આવે છે? દાણા ખંખેર્યા પછી તેને શું શું કરવું પડે ત્યારે ખાવાના કામમાં આવે? ડાંગર પકવવામાં કયાં કયાં કામ ખેડૂતથી થઇ શકે છે? કયું કામ ઇશ્વર કરે છે? આપણે શા માટે ઇશ્વરનો પાડ માનવો જોઇએ?

પાઠ પર મો.

માંજરી—ભૂરાશ પડતી.	ર કુદકો મારવો તે.	સમજુ—સમજણવાળો.
ઘીઆળું—ઘીવાળું.	તીણું—અણીવાળું.	વેર—લડાઈ.
તલપમારવી-પકડવાસા	લૂખું—ઘી વગરનું.	બિગાડ—નુકશાન.

સવાલ—ગંદા છોકરાં કરતાં બિલાડી કેમ સારી ગણાય? બિલાડી નખ માંહે કયારે ઘાલી દે છે? ને બહાર કયારે રાખે છે? આપણી ને બિલાડીની આંખમાં શો ફેર છે? ઘરમાં ઊંદર થયા હોય તો શો ઉપાય છે? બિલાડી બચ્ચાંની સંભાળ રાખે છે તેના દાખલા આપો? (બચ્ચાં પર પંજા ફેરવે છે ત્યારે નખ માંહે ઘાલી દે છે; બચ્ચાંને મોંમાં ઘાલી એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જાય છે ત્યારે તેને દાંત લાગવા દેતી નથી.)

પાઠ પ૩ મો.

બીકણુ—બીએ એવો.	સોડમાં—પાસામાં.	ગેલ—લાડ.

સવાલ—કેવાં જનાવરથી બીએ તે બીકણુ કહેવાય? એવાં જનાવરથી બીએ તેને શા માટે બીકણુ કહેવો? (એ કંઇ માણસને દુ:ખ કરતાં નથી.) પછી બીકણુ છોકરાને શું દુ:ખ પડયું? કેવાં જનાવરથી બીવું જોઇએ? (વાઘ, વરૂ, સાપ, વીંછી વગેરે.)

પાઠ પ૪ મો.

દરિઓ—સમુદ્ર, સાગર.	અગર—જે જગાએ મીઠું પાકે તે જગા
અગરીઓ—મીઠું પકવનાર.	ઉસરડવું—એકઠું કરવું.
રાશ—મીઠાનો ઢગલો.	(કયારા બનાવીને અથવા વરાણથી સમજાવવા.

સવાલ—મીઠું શેનું પાકે છે? શી રીતે પકવે છે? ક્યારામાં પાણી શી રીતે લાવે છે? ચોમાસામાં મીઠાના રાશને શી રીતે ઢાંકે છે? મીઠું ખેતરમાં વવાય કે નહિ? દરિઆના પાણી સિવાય શેનું પાકે છે?

પાઠ ૫૫ મો.

પ્રમાણે—રીતે.	મેડી—માળ.
જાણી ગણીને—સમજણ પામીને.	(અનાજ વગેરે ભરવાનો કોઠો હોય છે, અને પાંચ માળના વજનને પણ કોઠો કહે છે તે સમજાવવું.)
નાકે—છેડે.	

સૂચના—(આ પાઠનું વાંચન બહુ ધ્યાન આપીને શીખવવા જેવું છે.)

સવાલ—મોટો કૂવો શી રીતે ખોદાયો? એમ થોડું થોડું કરવાથી બીજાં કયાં કામ થયાં? મેડું ઘર કયાં આગળ બંધાયું છે? (શે રીતે નાકે.)

સાર—ભણવું અને બીજાં બધાં કામ થોડે થોડે કરવાથી પાર પડે છે.

પાઠ ૫૬ મો.

પંથ—રસ્તો.	લહીઓ—સારા અક્ષર લખનાર.	અભ્યાસ—મહાવરો.
ખર—ગધેડો.	છેદાય છે—કાપા પડે છે.	કાયર—નાહિંમત.
પાણ—પથરા.	નીપજે—થાય.	નર—માણસ.
એંધાણ—દાખલો.	પંડિત—ઘણું ભણેલો.	તોલ—બરાબર.
ખપાય—પૂરો થાય.		

સમજુતી—(થોડું થોડું) ભણતાં પંડિત થાય, ને થોડું થોડું લખતાં લહીઓ થાય, ચાર ચાર ગાઉ ચાલે તો, લાંબો રસ્તો પૂરો થાય! (૧) પોપટ પણ મહાવરાથી, બોલ બોલતાં શીખે છે, જે કાયર થઇને આળસ કરે, તે માણસને ગધેડાની બરાબર જાણવો. (૨)

કુવા ઉપર જે પાકા, કાળા ને કઠણ પથરા છે, તેમાં હોરૂડી વડે કાપવા પડે છે, એ દાખલો લો. (૩) (એવા પથરામાં કાપાં પડી શકે છે તો તે કરતાં આપણું મન કંઇ વધારે કઠણ નથી.)

પાઠ ૫૭ મો.

જંગાલ–તાંબાનો કાટ.
કાટ–મેલ.
નરી–એકલી.
જવલ્લે–કોઇકજ વખતે.

(જસત, સીસું, વગેરે ધાતુઓ અથવા તેના બનેલા પદારથો બતાવી તે ઓળખાવવી.)

સવાલ—ધાતુના નામ દો. કઇ કઇ ધાતુઓ રોજ દીઠામાં આવે છે? ધાતુ નીકળે ત્યારે કેવી હોય છે? પછી શી રીતે તેને સાફ કરે છે? બધી ધાતુમાં તોલમાં ભારે ધાતુ કઈ છે? કઈ ધાતુ ઉપર ઝાઝો કાટ ચડતો નથી? ધાતુ ચળકતી કયારે દેખાય? કઇ ધાતુ વેહેલી કટાય છે? કઇ ધાતુનો કાટ ખાવામાં આવે તો મરણ થાય? કઇ ધાતુ કઠણ છે? ને કઇ નરમ છે?

પાઠ ૫૮ મો.

ગદીઆણો–અડધા રૂપિઆભાર.
ઓગળવું–રસ થઈ જવો.
વરક–કાગળ જેવું ઘણુંજ પાતળું પતરૂં.
તાર–ધાતુનો લાંબો દોરા જેવો આકાર કરવો તે.
ચીકાશ–તૂટે નહિ એવો ગુણ.
વાળ–નીમાળા.

(પતરાં બતાવવાં.)

સવાલ—કઈ ધાતુના બહુ ઝીણા તાર થાય છે? કઈ ધાતુ ઓગળવાને મસ તાપ જોઇએ? થોડા તાપથી કઇ ઓગળી જાય છે? કઈ નરમ છે? કઇ કઠણ છે? કઇ ઝટ કપાય છે? કઇ વેહેલી કટાતી નથી? કઈ ચીકણી છે? કઇ ચીકણી નથી? એટલે ઝટ તૂટી જાય એવી છે? કોના પતરાં થાય છે? કોના તાર થાય છે? કયા કયા ગુણ બધી ધાતુઓમાં રહેલા છે? (તાપથી ઓગળવું, ચળકાટ, ભાર.)

પાઠ ૫૯ મો.

ચંચળો-નજીક.	પૂરો-બરાબર.	સંપ સંપીને-હળી મળીને.
છેડવું-દુઃખ દેવું.	કને-પાસે.	

સવાલ—ડોસાએ છોકરાઓને શું કામ સોંપ્યું? આખી ભારી કેમ ન ભંગાઇ? એકેક છૂટી કેમ ભાંગી ગઇ?

શીખામણ—બધા સાથે રહેવામાં બળ ઘણું, ને એકેક છૂટા થવામાં નબળાઈ આવે છે.

પાઠ ૬૦ મો.

ટીખળી-હસાવે એવાં.	ખારીલાં-વેર રાખે એવાં.
અટકચાળાં—અડપલાં— } વગર કામનું. અડક અડક કરે તે.	વગડો-જંગલ.
	ચીડાય-ખીજવાય.
નિરાંતે-સુખથી.	ભુસકા-કૂદતા.
ગલોફાં-બેઉ ગાલની માંહેનો ભાગ.	

સવાલ—વાંદરાના પગ કેવા હોય છે? માકડાં કોને કહેવાય? કાળા મોંવાળાં ને રાતા મોંવાળાંના સ્વભાવમાં શો ફેર હોય છે? વાંદરાં ઝાડ પર જઇને કેમ ખાય છે? પોતાની પૂછડી વડે શું કરે છે?

પાઠ ૬૧ મો.

ચંડાળ-માણસ મારવાનું કામ કરનાર.	દશા-હાલત.
	ગભેપડુ-જૂડો ઘણી થનાર.
શાહેદ-હકીકત જાણનાર.	હાથ ઉઠાવવો-તકરાર છોડી દેવી, હક લઈ લેવો.
ઇનસાફ-ચુકાદો, ન્યાય.	
બરે-ફીકર.	હવાલે કર્યો-સોંપ્યો, કબજામાં આપ્યો

સવાલ—કોને કોને તકરાર થઇ અને શા માટે? ગામ લોકોને કેમ ન પૂછ્યું? રાજાએ ખરી માને શી રીતે ઓળખી કાઢી? કકડા કરીને વેહેંચે તો શું થાય? ત્યારે ચંડાળને શા માટે બોલાવ્યો? કા-

ખવાની વાત કાઢતાં દરેકે શું કર્યું? પછી છોકરો શી રીતે વેહેંચ્યો? બીજી બાજંડી કેવી કહેવાય ને તેને શું કર્યું?

શીખામણ—બીજાની વસ્તુ હોય તેને માટે ગળે પડવું નહિ એટલે ખોટો દાવો કરવો નહિ.

પાઠ ૬૨ મો.

વેળા—વખત.	અંગ્રેજ લોક—સાહેબ લોક, ઇંગ્લાંડ દેશના રહેવાસી.
અઠવાડીઉં—સાત દિવસ.	

સવાલ—વારના નામ દો. તે ગણવાની રીત કહો? દહાડો કોને કહેવો? અંગ્રેજ લોક દહાડો કોને કહે છે?

પાઠ ૬૩ મો.

પહોર—ત્રણ કલાક.	ઊગે—બહાર નીકળી આવે.
મહિનો—ત્રીશ દિવસ.	આથમે—જતો રહે,

સવાલ—દહાડાના પહોર કેટલા ને રાત કેટલી? આખા દિવસના કેટલા? પેહેલો, બીજો, ને ત્રીજો પહોર કોને કહેવો? (સવારે છથી નવ વાગતા સુધી પેહેલો, નવથી બાર સુધી બીજો, ને બાર પછી ત્રણ વાગતા સુધીનો વખત તે ત્રીજો પહોર ગણાય છે.) પાછલો એટલે છેલ્લો પહોર ક્યારે ગણાય છે? (ત્રણથી ૭ વાગતા સુધીમાં) પેહેલી રાત ને પાછલી રાત કોને કહેવી? પખવાડીઉં કોને કહેવું મહિનાના પખવાડીઆં કેટલાં? વરસના મહિના કેટલા.

પાઠ ૬૪ મો.

વીંજણો—વા ખાવાનો પંખો.	પવન—વાયરો.
વા—પવન થીર હોય તે.	વાશીને—ઢાંકીને.
વાયરો—વાની આવ જા થતી હોય એવો હાલતો પવન.	થીર—હાલચાલ થાય નહિ તે; ઠર. (શીસી બતાવવી.)
બફારો—ગરમીથી થતી અકળામણ.	

સવાલ—ક્યારે બફારો થાય છે? વા કોને કહેવો ને વાયરો કોને કહેવો? વા કઈ જગાએ છે? (બધી જગાએ) તાંબાકુંડી શું કામમાં આવે છે? વાસણમાંનો વા બહાર ક્યારે નીકળી જાય છે? ખાલી લોટો ઊંધો પાણીમાં દબાવીએ તો કેમ માંહે પાણી ભરાતું નથી?

પાઠ ૬૫મો

લેહેર—મોજાં.
ગતિ—આગળ વહેવાનું જોર.
ધ્રુજવું—થર થર હાલવું.
પ્રવાહી—રેલો ચાલે એવું.
જુક્તિ—ગોઠવણ.
નાદ—અવાજ; સાદ.
ઇશારત—અણસારો.
સાદ—અવાજ.
ઘાટ—બનાવટ.

ખુલાસો—વા, પાણીના જેવો પ્રવાહી છે. પાણીમાં પથરો નાંખવાથી તેમાં ઉપરા ઉપરી લેહેરો થાય છે, ને હાથ રાખીએ તો તે લેહેર હાથ સાથે અથડાય છે. એમજ મોંમાંથી નીકળેલો અવાજ વામાં પડતાં વાની લેહેરો થાય છે, તે લેહેર કાનમાંના ઢોલની ચામડી સાથે અથડાય છે. એથી નગારાની સાથે ડાંડીઓ ઠોકવાથી જેવો અવાજ થાય છે તેજ રીતે કાનમાંની ચામડી સાતે પવન અથડાવાથી અવાજ માલૂમ પડે છે.

સવાલ—ઇશ્વરે કાનમાં શી જુગ્તિ કરી છે? (પવન કાનમાં સેહેલથી જઇ શકે છે, ને બીજું કંઈ એકાએક જવા પામતું નથી.) જન્મ બેહેરાં મૂગાં હોય તે શી રીતે વાત કરી શકે? (ઇશારતથી.)

પાઠ ૬૬ મો.

કાગદી—કાગળ બનાવનાર.
ખેળ—લાહી, એ ઘઉંનો લોટ ને પાણીની બને છે.
ઘા—ચોવીશ કાગળનો જથ્થો.
ઘૂંટવું—ભાર દઇને ઘસવું.
સાહેબખાની—ઉંચા દેશી કાગળ.
ડોવી દેવું—ઓગળી નાંખવું.
તા—
તાવ— } એક આખો કાગળ.

(ડાટ, કટકડી, સાહેબખાની, આસામી એ માહેરી સમજાવવા જેવા છે. તેમાં પેહેલા ઘણુ નજરે દેખાડવાની જરૂર છે.)

સૂચના—આપણે ફુલ્સકેપ, ફ્રેંચ, વગેરે કાગળ વાપરીએ છીએ તે તથા છાપેલી ચોપડીમાંના કાગળોએ બધા વિલાયતી કાગળ છે. સાહેબખાની કાગળ વેપારીના ચોપડામાં હોય છે. આ પાઠમાં દેશીને વિલાયતી કાગળ સાથે બતાવીને ભણનારને ઓળખાવવા.

સવાલ—ટાટ શેના થાય છે? (શણના.) જૂના ટાટના કાગળ શી રીતે બને? પ્રથમ તેને શું કરવું પડે? પછી તેને શું કરે? તૈયાર થયા કેડે શું કરે તો લખવાના કામમાં આવે? લખેલા જૂના કાગળ કંઈ કામમાં આવે કે નહિ?

પાઠ ૬૭ મો.

દેશાવર—બીજે દેશ.	મથાળું—ઉપરનો ભાગ.
ફાળ—ધાસ્તી	નામું—ઘરનો હિસાબ.
ઝળઝળીયાં—થોડા થોડા આંસુ.	રોવા—રડવા.
ઠોઠમોઠ—મૂરખ.	માઠી—નઠારી; મોતની.
અભણ—વગર ભણેલો.	લાજી—શરમાઈ.

સવાલ—ધણી દેશાવર કેમ ગયો હતો? સારાં લુગડાંવાળા પાસે કેમ વંચાવવા ગઈ? પેલાએ કેમ રડવા માંડયું? બાઈને કેમ ફાળ પડી? શી કહેવત ચાલે છે? કોને શરમાઈ મરવું પડે છે? કાગળ ક્યાંથી કાગળ મોકલ્યો હતો? કોની પાસે વંચાવવા ગઈ? પેલાએ કેટલો વાંચ્યો? પેલી બાઈએ શું પૂછ્યું? તેણે શો જવાબ દીધો?

પાઠ ૬૮ મો.

અભિમાન—અહંકાર.	વેહેમ—શક.
નિશાની—ઓળખવાનું ચિન્હ.	ઉર—મનમાં.
સરદાર—ઉપરી.	બકવું—વિચાર વગર બોલવું.
અસાર—નઠારું.	અપાર—ઘણો.
રાય—રાજા.	વડી—મોટી.

સમજુતી—મૂરખને (ઓળખવાને) માથે શીંગડાંની નિશાની હોતી નથી; જેને સારા નઠારાનો વિચાર નહિ, તેને માણસો મૂરખ જાણે છે. (૧) એક અક્ષર ભણતાં આવડે નહિ, ને મનમાં ઘણો અહંકાર રાખે, તેને જગતમાં સૌ મૂરખનો સરદાર જાણવો. (૨) વેહેમની ભરેલી મોટી વાતો, ઘણી ઘણી બકે; અને શિખામણ દે તે સાંભળે નહિ, તેને મૂરખનો રાજા જાણવો. (૩) (મૂરખનો સરદાર અથવા રાજા તે વધારે મૂરખ જાણવો.)

પાઠ ૬૯ મો.

વૈતરું–ભાર વેહેવો.	ખમી–વેઠી,
આળોટવું–ગબડવું.	હટે–હીંમત છોડે.
અમીર–રાજદરબારમાંના મોટા માણુસ.	લાજ–શરમ.
	સીધી–ઉભી.
દાબડો–પગના પંજામાંનો ઉંડો ભાગ.	ગુણ–ફાયદો.

સવાલ—ગધેડું ઘોડા કરતાં કઈ વાતમાં ઉતરે છે? ને કઈ વાતમાં ઠીક છે! એનો સ્વભાવ કઇ બાબતમાં સારો છે! કઇ બોલવાની રીત સારી નથી? કયા દેશમાં સારા માણસો ગધેડે બેસે છે! ગધેડાથી સીધી ટેકરી ઉપર કેમ ચડી શકાય છે! ગધેડીનું દૂધ કોને બહુ ગુણ કરે છે. (પેહેલાંના વખતમાં સિંધમાં રાજ ચલાવનારને અમીર કહેતા હતા.)

પાઠ ૭૦ મો.

ડેહેલું–ઢોર બાંધવાની જગા,	ભેદ–છાની વાત ; મરમ.
ન્યાલ–સુખી.	ચરૂ–પાણી ઉનું કરવાનું કડાંવાળું વાસણ.
ભત્રીજો–ભાઇનો દીકરો.	

સવાલ—ગધેડાનો માલિક કેવો હતો? (કંજુસ) તે કોની પાસે જુઠું બોલ્યો! ગધેડો ભત્રિજાને કેવો દેખાયો? એવો શી રીતે દે

ખાધો ? (ગરીબડું મોઢું કરી નાખવાથી) શા માટે લઇ ગયો ? (દયા આવવાથી) તેણે પેલા બત્રિજાને શી રીતે સુખી કર્યો ?

પાઠ ૭૧ મો.

શેતૂર—એક જાતનું ઝાડ.
ખદખદતું—ઉકળતું.
અબોટીયાં— મુગટા— } બ્રાહ્મણ વાણીઆને જમતી વખત પેહેરવાનાં રેશમી લુગડાં.
પતંગીઉં—પાંખવાળું જીવડું.
હીરાગળ—હીરનાં બનાવેલાં.
તાંતણો—તાર.
ગજીઆણી—ગજ પનાનું રેશમી લુગડું.

કોશેટો—કીડાને રહેવાનું ખોખું.
હીર—રેશમ.
મશરૂ—રૂ ને રેશમ બેઉનું વણેલું કપડું.
ભાતભાતના—જુદી જુદી જાતના.
કિનખાબ—સોનેરી તાર ને રેશમ એઉને મેળવીને વણેલું કપડું.
(ચિત્રમાંથી કીડો, કોશેટો, શેતૂર એ સઉ ઓળખાવવાં.)

સવાલ—રેશમ શું કામમાં આવે છે ? બીજાં લુગડાં બને છે ? કપાસ, ઉન, ને રેશમ શી રીતે નીપજે છે ? કીડો રેશમ શી રીતે કરે છે ? માણસ રેશમ શી રીતે ઉકેલે છે ? રેશમનો રંગ કેવો હોય છે ? તેના શું શું લુગડાં બને છે ? કોશેટો કેવડો હોય છે ? શીવવું ને ભરવું એમાં શો ફેર છે ? (ભરતું એટલે કોઇ આકારનું ચિત્ર પાડવું.) કીડાને ઉના પાણીમાં ન નાંખે તો શું થાય ? (ગજીઆણી ઓળખવાને તેના બાઇડીઓના કપડાં, ચોળી વગેરે થાય તે જણાવવું.)

પાઠ ૭૨ મો.

માતેલો—જાડો ; તાજો.	તુચ્છ—હલકો.	કચરીનાંખું-મારીનાંખું.
નબળો—કમજોર.	અહંકાર—મોટાઈ.	પછાડે—અફાળે.
સાંઢ—આખલો.	ધરાઇને—સંપૂર્ણ ખાઇને.	વેદના—દુ:ખ.
આંટો—ચારેમેર ફરવું.	નીચ—હલકા.	(આખલો ને મચ્છર એ બેનું વરણન કરીને ઓળખાવવા.)
બાયલા—કાયર.	હાથ ચલાવવું—મારવું.	

સવાલ—કોને કોને તકરાર થઈ? શું ઘટતું નથી? કોણે ...કાર કીધો? કોણે કોને હરાવ્યો ને શી રીતે? તો હવે જોજે, ...ાં શું જોજે? (જોર) લે, જોયું? એમાં શું જોયું? (જોર) આ ...માંથી શું શીખામણ લેવાની છે?

પાઠ ૭૩ મો.

...ાવવું—નરમ પાડવું.
...કવું—ફાટી જવું; ફુલાઈ જવું.
...ણું—કરોળીઆને રહેવાનું ઘર.
...તવું—બીજાને હરાવવું.
...—ચાળીસ રૂપીઆભારનું વજન.
...ાઇ ગયો—ખુશ થઇ ગયો.
...—અહંકાર.
બંધાઇ ગયાં—વળગી ગયાં.
કેવળ—છેક.
ફાંફાં—ખોટી મેહેનત.
માથાનો—તેનાથી વધારે જબરો.
અટવાતો—ગુંચવાતો.
(કરોળીઆ કેવા હોય છે, શેમાં રહે તે વગેરે પુછીને ઓળખાવવા.)

સવાલ—મચ્છર કેમ ખુશ થઈ ગયો? પછી તે મચ્છરને કોણે ...ાવ્યો? શી રીતે હરાવ્યો? એ સંબંધમાં શું કહેવત છે? આખલાનો ...તનાર કોણ? તેની શી વલે થઇ? માણસને કયારે અહંકાર આવે ? (બેહેકી જાય ત્યારે.)

પાઠ ૭૪ મો.

...મળ—નાજુક; સુંવાળું.
...ણું—ખુશ કરે એવું.
...ચળ—હોશીઆર.
રળિયામણું—શોભીતું.
(ખીસકોલીની ઓળખ આપવી.)

સવાલ—ખીસકોલી કયારે રળિયામણી દેખાય છે? બે ચાર ...નાં નામ દો. એના શરીરનું વર્ણન કરો. એનાથી ઝાડપર શા માટે ...ી શકાય છે? ચીતારો કોને કહેવો? તે શેણેવતી ચીતરે છે?

પાઠ ૭૫ મો.

છેતરવું-ઠગવું.	સરત-નજર.
પાપ-નઠારૂં કામ.	ગમે-સારૂં લાગે.
ચૂકવવું-ભૂલવવું.	લાજ-શરમ.
સંતાડવું-છાનું રાખવું.	ડીલ બગડ્યું-તાવ આવેલો.
કરડી-આકરી.	(દડીઓ ઓળખાવવો.)

સવાલ—ન્યાત ક્યારે જમાડવી પડે છે? ઘોડા લાડુ ખાવાને શામાટે કહ્યું? છોકરે શું પાપનું કામ કર્યું? તે પાપ કરતાં કોણે દીઠો? એવું છોકરૂં કોને ગમે? (કોઇને ગમે નહિ.)

પાઠ ૭૬ મો.

તરવું-પાણીની ઉપર રહે તે.	ડૂબી જવું-પાણીની નીચે જવું.
મંદિર-દેવને રહેવાનું ઠેકાણું.	પળ-ઘડીનો સાઠમો ભાગ.
ટકોટક-કાના સુધી	કોષ્ટક-કોઠો.
જોશી-જન્મોત્રી કરનાર; જોશ જોનાર.	વેહ-નાનું કાણું.

સવાલ—દહાડો એટલે શું? ઘડી કોને કહેવી? ઘડીનું માપ કેવું હોય છે? તે કોને મળતું આવે છે? (આપણી નિશાળની રેતીની શીશીને.) ઘડીનું માપ ક્યાં હોય છે? પળ કોને કહેવી? જોશી કોને કહેવો?

પાઠ ૭૭ મો.

ભારે-ઘણી કીમતની.	કંદોરા-કેડમાં પેહેરવાના રૂપાના કરે છે તે.
મોહર-પંદર રૂપીઆની કીમતનો સોનાનો શિક્કો.	
કસબ-સોનારૂપાના તારને હીર સાથે વણીને બનાવે તે.	ઉપડે-ઉંચકાય.
	સુંદર-સારાં.

પાલવ—લુગડાંને છેડે જે કસબ હોય તે.	તાલેવર—પૈસાવાળા.
વેઢ—એક જાતની વીંટી.	તોઈ—ફીનારી.
ચળકતાં—ઉજળાં.	

સવાલ—સોનું રૂપું કેમ મોઘું મળે છે? સોનાની મોહરો ને રૂપાના રૂપીઆ પાડે છે તેનું કારણ? સોના રૂપાના શા માટે ઘરેણા કરાવે છે ને લોઢાના કરાવતા નથી? સોનાના ઘરેણાં કયાં કયાં થાય છે? રૂપાના કયાં થાય છે? કંઠી કયાં પેહેરાય છે? રૂપાના વાસણ કોણ કરાવે છે? રૂપાનું શું નાણું થાય છે? કસબ શેનો થાય છે? હીર શેમાંથી થાય છે?

પાઠ ૭૮ મો.

નાખુશ—નારાજી.	ટટાર—સીધાં, ઊભા.	માઠું—નઠારૂં.

સવાલ—માણસ ને જનાવર બેઉ કઇ વાતમાં મળતાં નથી? (આપણે ટટાર ચાલીએ છીએ, ને જનાવર મોઢું ભોંયગમ રાખીને ચાલે છે) બેઉ કઇ વાતે મળતાં છે? (૧ આપણી પેઠે શરીરના અવયવો વાપરે છે, ૨ સારૂં માઠું જોઇને આપણી પેઠે ખુશ કે નાખુશ થાય છે.) ઢોર કયારે ખુશ થાય છે? (૧ સારૂં ચરવાનું મળે ત્યારે; ૨ પોતાના બચ્ચાંને દેખે ત્યારે.) ઢોર ખુશ થાય તે શી રીતે માલૂમ પડે? (પોતાની પૂછડી સારી પેઠે હલાવે છે.)

પાઠ ૭૯ મો.

વાચા—બોલવાની શક્તિ.	સાદ—અવાજ.	પાપ—નઠારૂં ફળ.
ભાન—અક્કલ.	પુણ્ય—સારૂં ફળ.	

સવાલ—પાછળ કહયું તે ઉપરાંત આપણે જનાવરથી કઇ વાતમાં જુદા પડીએ છીએ? (માણસને વાચા છે, કારણ સમજી શકે છે, ને પાપ પુણ્યનો વિચાર કરી શકે છે; જનાવરને વાચા નથી, કારણ સમજી શકતાં નથી,

ને પાપ પુણ્યનું ભાન નથી,) કૂતરૂં બીએ અથવા નાખુશ હોય તે કેમ જણાય ? ઘરને બારણા શું કરવા હોય છે ? (જવા, આવવાને.) બારી શું કરવા હોય છે ? (હવા, અજવાળું આવવાને.) ચૂલા લાકડાના કેમ કરતા નથી ? લોઢાના કરે તો થાય કે નહિ ? (થાય.)

પાઠ ૮૦ મો.

હેત–પ્રીત.	મોસાળ–મામાને ઘેર.	મોં ઉતર્યાં–નાખુશ થયાં.
કાંચળી–કાપડું.	હરખ–ખુશી.	વાંક–ગુન્હો.
પીઅર–બાપનું ઘર.		

સવાલ—બેઉ છોકરાંને કેમ હરખ થયો ? પછી કેમ નારાજી થયાં ? તેડી જવાને શા માટે ના કહી ? આ વસ્તુને ઠેસ મારી બતાવ. બે છોકરાંમાંથી કોણે વધારે ડાહાપણ બતાવ્યું ને તે શું ? (લખીએ; પોતાનો વાંક જણાવી દીધો તે.)

પાઠ ૮૧ મો.

નિંદે–નઠારૂં બોલાય, નિંદા થાય.	હળતાં–સંપીલાં.	લેશ–જરા.
બળવંતા–જોરાવર.	ચેન–ગમત.	હળતાં મળતાં–સંપ સંપીને રહેતાં.
કલેશ–કજીઓ.	શોક–દુ:ખ.	
	લાજ–આબરૂ.	

સમજુતી—આપણે બંને ભાઇ બેન મળી, સંપીને રમીએ તો સુખ ચેન થાય; લડે અને રડે તો ઘણું દુ:ખ થાય, આબરૂ ઘટે ને લોક નિંદા કરે. (૧) હે, જોરાવર પરમેશ્વર બાપજી, હમને હમેશાંનું સંપ આપ, જેથી કરીને સુખમાં દહાડા જાય, ને કોઇ દિવસ જરા કજીઓ થાય નહિ. (૨) બાળક હળતાં મળતાં હોય, ને કદીએ લડે રડે નહિ, અને રમતાં જમતાં ગીતો ગાય, તો તેથી તેની માતા મનમાં રાજી થાય છે. (૩)

પાઠ ૮૨ મો.

ટપકાં–ટીપાં, મોતીઆં.
ઝમવું–કાંણા શિવાય પાણી નીકળી જાય તે.
ધૂમર–ધૂમાડા જેવું ઝાકળ.
કરા–વાદળાંમાં પાણી ઠરીને ગાંગડા બંધાઇને હેઠે પડે તે.
બરફ–ઠરી ગયલું પાણી.
ઠીબ–ઠીબરૂં.
રૂપ–હાલત.
તાસક–પીતળનું ઢાંકણું.
ગગન–આકાશ.
હાર–હીમ.
વેગળેથી–આઘેથી.

સવાલ—વરાળ શી રીતે થાય છે? વરાળનું પાણી શી રીતે થાય? (ટાઢક લાગવાથી.) કરા શી રીતે થાય? તેનું પાણી શી રીતે થાય? (ગરમી લાગવાથી.) બરફ શી રીતે થાય? બરફને ગરમી લાગે તો શું થાય? ધૂમર કોને કહેવી? ઝાકળ કોને કહેવું? પાણીના કયાં કયાં રૂપ થાય છે? પાણીનું ગરમી લાગવાથી કયું રૂપ થાય છે? પાણીને ટાઢક લાગવાથી કયાં રૂપ થાય છે?

પાઠ ૮૩ મો.

મધ્યમ–વચલા વર્ગનો; બહુ લાંબો અથવા ટુંકો નહિ.
પુષ્કળ–ઘણા.
થેલી–કોથળી.
જખમ–ડંખ, ઘા.

સવાલ—સાપ શા કારણથી જેમ વળવું હોય તેમ વળી શકે છે? સાપના પગ કયાં હોય છે? (નથી.) એ શી રીતે ચાલે છે? મોડું નાનું મોટું શાથી થાય છે? એના દાંત કેવા હોય છે? (ઝાલી શકાય, પણ ચવાય નહિ.) ઝેર કયાં હોય છે ને કેમ પેસે છે? (પોલા દાંતની નીચે ઝેરની થેલી હોય છે, તે દાંત ઘોચવાથી નીચેની થેલી દબાઇને પોલી વાટે ઝેર ઘામાં ઊતરે છે.) સાપ કરડે ત્યારે શો ઉપાય કરવો?

પાઠ ૮૪મો.

જીવતદાન–જીંદગી.	ગુન્હો–વાંક.	છાયે–શીઆ.
મહારાજા–મોટા રાજા.	ટાળીસ–મટાડીશ.	(સિંહનું ચિત્ર ચોપડી અથવા છડીમાંથી બતાવીને તેના કદ તથા બળની વાત કહેવી.)
કાલાવાલા–કરગરવું.	શેખી–મોટાઇ.	
સામર્થ્ય–જોર.	ઘેલો–ગાંડો.	

સવાલ—ઉનાળો શી રીતે ઓળખાય ? કયા મહિનાથી ઉનાળો શરૂ થાય છે ? ઉંઘતો સિંહ શાથી જાગી ઉઠયો ? ઊંદરે કાલાવાલા શા માટે કર્યા ? સિંહે તેને શા માટે જવા દીધો ? (દયા આવવાથી.) જતી વેળા ઊંદર શું બોલ્યો ? સિંહ મનમાં શા માટે હસ્યો ? સિંહને વનનો રાજા શા માટે ગણવામાં આવે છે ? ઊંદરને ઘેલો ગણવો કે નહિ ? (નહિ.)

પાઠ ૮૫મો.

હાજર–તૈયાર.	ફાંફાં–ખોટી મેહેનત.
તરણું–ઘાસનું તણખલું.	બદલો–પાડ વાળવો, સામો ગુણ કરવો.
બજાવશે–કરશે.	મા–નહિ.
દાસ–ચાકર.	પ્રસંગ–દાવ, લાગ, વખત.
જાળ–જનાવરને પકડવાનો ફાંદો.	

સવાલ—પછી પેલા સિંહનું શું થયું ? પછી તેને કોણે છોડયો? ઊંદરને શી રીતે ખબર પડી ? તેણે શી રીતે છોડયો ? સિંહ બહુ જબરો હોય છે ત્યારે તેનાથી જાળ કેમ નહિ કતરાઇ ? સિંહની શી ખાતરી થઇ ? તરણું શું કામમાં આવે ? આમાંથી શું શીખામણ લેવાની છે ? (૧ વખત આવે ત્યારે સઘળું કામ લાગે છે, માટે કોઇને હલકું ગણવું નહિ. ૨ કોઇએ ઉપકાર કર્યો હોય તેનો બદલો વાળવો.) કોણે કોને હલકો ગણ્યો હતો ? કોણે બદલો વાળ્યો ?

પાઠ ૮૬ મો.

સાંઠીઓ—સોટીઓ.	પૂર—જેવડા.
રેસા—છાલ.	છેટે—આઘે.
બોયાં—છાલ ઉતારેલી સોટી.	ઝાઝા—બહુ.
સુતળી—શણની દોરી.	ફાંટા—ડાળી.
દીવાસળી—દેવતાને અડકાવવાથી દીવો થાય એવી સળી.	ખપની—કામની.
	ઉપાડી—ઉખેડી.
ટાટપટી—ટાટની કોથળી.	વળતી—પછી.

સવાલ—શણના છોડ કોના જેવા દેખાય છે? તુવેર જેવા શા કારણથી દેખાય છે? (પાંદડાં ને ફુલ તેના જેવાં દેખાય છે.) બી પાસે પાસે ક્યારે વાવે છે? શા માટે પાસે પાસે વાવે છે? આઘે આઘે ક્યારે વાવે છે? (બીને સારૂ વાવે ત્યારે) સુકાયા પછી ઉખેડીને શું કરે? છાલ શું કામમાં આવે છે? બોયાને શું કરે? દીવાસળી કરવાને બોયાં જોડે બીજું શું જોઇએ? (પીળો ગંધરપ.) (દીવાસળીની નાની પેટી જે ઘસવાથી દીવો થાય છે તે એની થતી નથી, તે તો વિલાયતમાં બને છે.) ટાટ જૂના થઈ ફાટી જાય ત્યારે તે શું કામમાં આવે? (કાગળ બને છે તે હકીકત યાદ કરાવવી.)

પાઠ ૮૭ મો.

શિયાળવાં—કોહલાં.	બોલ—રહેવાનો ખાડો.
ભૂંગળાં—લાંબા ને ગોળ આકારે સાંકડાં તે.	ખંડેર—ઘર તૂટી પડીને ઉજ્જડ પડેલી જગા.
વાડ—શેરડીનું ખેતર.	મેવો—સૂકાં ફળ.
કુકડાં—મરઘાં.	એકાંત—વસ્તી વગરની.

સવાલ—શિયાળ દિવસે કેમ દેખાતું નથી? શિયાળનું કદ, રંગ ને શરીરના બીજા ભાગો કેવા હોય છે? શિયાળ શું શું ખાય

છે ? કેવી જગામાં અને શેમાં રહે છે ?

પાઠ ૮૮મો.

લોભીઓ–ઘણું ઘણું લેવાની આશા રાખે તે.	લાભ–નફો, ફાયદો
જમણવાર–ન્યાતી જમે તે.	પાડ–ઉપકાર.
પડપૂછ–તપાસ.	સંભાળીલો–ગણીલો.

સવાલ—શું વાત વાંચી ? તપેલાં તેટલાંજ પાછાં આવ્યાં કે ઓછાં ? પછી લોભીઆએ શું કર્યું ? તપેલાં લઇ જનારો મૂર્ખ હતો કે ? (ના, તે તો લોભીઆને છેતરવાનો છે.)

પાઠ ૮૯મો.

ધૂતારો–છેતરી ખાનારો:	આદમી–માણસ.
નાદાન–અક્કલ વગરનો.	ભલે–સારૂં.

સવાલ—ફરી લેવા આવ્યો ત્યારે શા માટે આપ્યાં ? (વળી ઘણાં મળશે એવી આશાથી.) લઇ ગયા પછી શું કર્યું ? પેલાને પૂછ્યું ? તેણે શું કહ્યું ? લોભીઓ ચૂપ કેમ થઇ ગયો ? એમાં ધૂતારો કોણ ? લોકમાં શી કહેવત ચાલે છે ?

પાઠ ૯૦ મો.

વાણ--ખાટલે ભરવાની દોરી.	ટકાઉ–ઘણા દિવસ ચાલે તે.

સવાલ—શણને ભીંડી કઇ વાતે મળતાં છે ? કઇ વાતમાં જુદાં પડે છે ? ખાટલે ભરવાનું વાણ શેનું થાય છે ? ભીંડી ને શણના રંગમાં શો ફેર છે ? બેમાંથી વધારે ટકાઉ શું છે ?

પાઠ ૯૧ મો.

ખુંધ–પીઠ ઉપર ઢેકો હોય તે.	સંદેશો–ખબરઅંતર.
રણ–રેતીવાળી જમીન.	પોષણ–ગુજરાન.
રેતાળ–રેતીવાળો.	મુસાફરી–ફરવું.
ચરબી–શરીરમાંનો ધોળો ને ચીકણો પદાર્થ.	સાંઢણી–ઝડપથી ચાલનાર ઉંટ.
	તરેહવાર–નવાઇ જેવું.

સવાલ—ઉંટનું શરીર કેવું હોય છે? રેતીના રણમાં ઉંટને ચાલવાનું કેમ સેહેલું પડે છે? રેતીના રણમાં ઘોડો કેમ કામ ન આવે? (ઉંટનો પંજો પોહોળો તેથી તે રેતીની ઉપર રહે છે ને ઘોડાનો દાબડો ઊંડો હોવાથી તે રેતીમાં પેસી જાય છે એથી તેને ચાલવાનું અઘરૂં પડે છે. રેતીના રણમાં પાણીની બહુ આપદા હોય છે ત્યારે ઘોડાને પાણી વગર ચાલતું નથી, ને ઉંટને પાણી વગર થોડા દિવસ ચાલી શકે છે.) ઉંટને ખાવાનું શું ભાવે છે? કાંટાવાળાં ઝાડ ક્યાં ક્યાં છે? ખુંધ ક્યારે નાની થઈ જાય છે? શાથી નાની થઈ જાય છે? સાંઢણી કોને કહેવી? તે શું કામમાં આવે છે?

પાઠ ૯૨ મો.

વનસ્પતિ–ઝાડ, છોડવા, વેલા, વગેરે.
વેલા–ભોંય ઉપર પથરાય તે.
કંદ–ભોંયમાં થાય તે; સકરીયાં, આરબી, સુરણ વગેરે.
પોઇ–એક જાતની ભાજી.
મેથી–મેથીની ભાજી.
અળવી–અલુખડાં; પતરવેળીયાં.
બાફીને–પાણીમાં રાંધીને.
બટાટા–આરબી.
તાંદળજો–રાતા ડાંખળાની ભાજી.
તળવું–તેલમાં રાંધવું.
કુમળાં–નરમ ને સુંવાળાં.

(વેલા, બટાટા, તાંદળજા, મેથી પોઈ, સુરણ, શકરીયાં, રતાળુ, અળવી, એ વરણન કરીને અને જરૂર પડે તે બતાવીને સમજાવવું.)

સવાલ—કંદ કોને કહેવા? કંદના નામ દો? તેને શી રીતે ખાય છે? શેના સાંઠા ખવાય છે? ગોળ શેનો બને છે? ફકત બી શેના ખવાય છે? (જુવાર, બાજરી, ડાંગર, ઘઉં.) શેના થડ ખવાય છે? (શેરડીના.) શેના પાંદડાં ને ડાખળાં ખવાય છે? (ભાજીનાં.) પાંદડાં, દાંડા, ને કંદ એ ત્રણે કોના ખવાય છે? (અલુખડાંના પાંતરાંના.) ભાજીના મૂળીયાં કેમ ન ખવાય?

પાઠ ૯૩ મો.

એગળી એમ—છોડાં સાથે.	(એકઠા એને કોઈ સરખુંજ કહે છે, એ અ-
લીલવા—લીલી શીંગમાંના દાણા.	ભણીઓ ને કહી બની શકે તો બતાવવા અથ-
એમનાએમ—રાંધ્યા વગર.	વા વરણનથી ઓળખાવવું.)

સવાલ—ક્યાં ઝાડના ફુલ એકલાં ખવાય છે? તે ફુલ શી રીતે ખાવામાં લે છે? કઈ શીંગના છોડાં કાઢવાં પડે છે? વાલની પાપડી છોડાં સાથે ક્યારે ખવાય? ફોલીને ક્યારે ખાવી પડે? ફળના નામ દો? કેરી ને કારેલાં એ બે ફળમાં શો ફેર છે?

પાઠ ૯૪ મો.

પાર—સામો કાંઠો.	હંકારવું—ચલાવવું.
માછી—હોડી ચલાવનાર.	સિધું—દાળ, ચોખા, લોટ વગેરે.
સઢ—હોડીને પવનની મદદ મળવાને લુગડાં બાંધે છે તે.	સામાન—કામની વસ્તુ.
	હલેસાં—ચાટવા.
ખારવા—હોડી ચલાવનાર.	તોપ—લડાઈમાં ફોડવાનું હથીયાર.
મછવો—નાનું વહાણ.	(હલેસાં ને તોપ મોઢેથી સમજાવવું.)

સવાલ—આપણે ત્યાંથી કયે ગામ જતાં વચમાં નદી આવે છે? ઉત્તરમાં જતાં કઇ નદી આવે? હોડી લાકડાની કરે છે તે લોઢાની કેમ કરતા નથી? હોડી શાથી ચાલે છે? (પવન, વાંસ, કે હલેસાંથી.) મોટી હોડીને શું કહે છે? વહાણ ઉપર તોપ શા માટે રાખે છે?

પાઠ ૯૫ મો.

બિઆમણી—બીક લાગે એવી.	રાની—જંગલમાં રહેનારી.
મધમાખ—મધ બનાવનારી માખી.	ભોગ મળ્યા—મોત આવ્યું.
મધપૂડો—મધનો પૂડો.	જોતા જોતામાં—થોડી વારમાં.

સવાલ—રીંછ કેવા કેવા રંગના થાય છે? રીંછ દોડે તેમાં શું નવાઇ જેવું છે? (શરીર ભારે છે.) રીંછ શું ખાય છે? કંદ કોને કહેવા? રીંછને શું બહુ ભાવે છે? કોના ભોગ મળ્યા? (મધમાખના!) મધમાખી એને કરડતી કેમ નથી?

પાઠ ૯૬ મો.

બચરડીને–દાબીને.	છેડશે–દુઃખ દેશે.
માણસપર આવે છે–મારવાને ધસી [આવે.	પીઠ–વાંસો.
જવલ્લે–કોઇકજ વખતે.	કેડે–પાછળ.

સવાલ—રીંછ માણસને શી રીતે મારે છે? માણસની સામે ક્યારે થાય છે? ધોળાં રીંછ ક્યાં થાય છે? ટાઢના મુલકમાં ધોળાં રીંછ શેમાં રહે છે? બરફ શેનું થાય ને શાથી થાય છે? એનાં બચ્ચાં કેવડાં થાય છે? શેણે વતી બચરડે છે! આગલા ને પાછલા પગ ક્યા સમજવા? (મોં તરફના આગલા, ને પૂંછડી તરફના પાછલા.)

પાઠ ૯૭ મો.

હલકી–થોડી કીમતવાળી.	ગાળવું–રસ કરવો.
મેળવણી–બે ધાતુને ભેગી કરવી.	કંસારા–તાંબાપીતળનાં વાસણ ઘડ-[નાર.
કલઇઘડા–કલઇના વાસણ ઘડનાર.	ભેગ–મેળવણી.
તાજાં–તરતના.	નરી–ચોખ્ખી, એકલી.

સવાલ—સોના રૂપા કરતાં હલકી ધાતુ કઇ છે? દરેક ધાતુનો રંગ કેવો હોય છે? પીતળ શી રીતે બને છે? તાંબા પીતળના વાસણ ક્યાં ક્યાં થાય છે? ઘડા, ચરૂ, કથરોટ, તાસક એ શું કામમાં આવે છે? પીતળના વાસણને કલઇ શા માટે કરાવે છે? પીતળના વાસણ રૂપા જેવાં ક્યારે દેખાય? કલઇ ને રૂપું કઇ વાતે મળતું છે ને કઇ વાતમાં જૂદું પડે છે? કલઇના ક્યાં વાસણ બને છે? કલઇમાં શેનો ભેગ થાય છે ને તેથી શું નુકશાન છે?

પાઠ ૯૮ મો.

છરા—નાની ગોળી.

કાંતી લોઢું—ચીનાઇ લોઢું.

(ગોળી તથા બંદુક વરણન કરીને સમજાવવું. ચીનાઇ લોઢું ભુંગળું બતાવીને અથવ બીજી રીતે ઓળખાવવું.)

સવાલ—ચીનાઇ પતરાં શી રીતે બને છે? તેનું શું શું બને છે? કાંસુ શી રીતે બને છે? કાંસાના વાસણમાં કેમ કટાતું નથી? (એમાં કલઇ આવેલી છે તેથી.) સીસું ને જસત કઇ વાતે મળતાં છે ને કઇ વાતે જુદાં પડે છે? સીસાનું શું બને છે? છરા શું કામમાં આવે છે? સિંદુરનો રંગ કેવો હોય છે ને તે શેનું બને છે? (ફાનસની શી જરૂર છે તે સમજાવવું.)

પાઠ ૯૯ મો.

રત—મોસમ.

કુંપળ—કુમળાં પાદડાં.

મોર—નાના ફુલ.

આંબાગાળો—કેરીની મોસમ.

કલ્લોલ—મઝા.

ટૌકા—કોયલનું બોલવું.

બફારો—પરસેવો.

(તરબુચ, ટેટી, રાઅણ મોઢેથી સમજાવવું.)

સવાલ—ત્રણ મોસમ કઇ કઇ છે? ઊનાળામાં રાત દહાડાનો શો ફેરફાર થાય છે? નદી, તળાવનું પાણી ક્યારે ઘટે ને ક્યારે વધે? ઉનાળામાં ઝાડની હાલત કેવી હોય છે? એ રતમાં ક્યાં ક્યાં ફળ થાય છે? એ વખતે પંખી કેવી હાલતમાં હોય છે? (આનંદમાં રહે છે.) શાથી ખુશ રહે છે? (ઝાડો પર ખાવાના ફળ મળે છે તેથી.)

પાઠ ૧૦૦ મો.

ઘમઘોર—કાળું વાદળ ચોમેર ચડેલું હોય તે.

ચમકારા—ઝબકારો થઇને મટી જાય તે

કડાકા—અવાજ.

ગર્જના—વરસાદ ગાજે તે.

કાટકો—મોટો અવાજ.

પૂર—રેલ.

દુકાળ—અનાજ નહિ પાકે તેવો વખત.

હેલી—આખો દહાડો વરસાદ આવ્યા કરે તે.

જાર—જુવાર.

તર—ધરાય છે.

ભણા—ભૂલ.

રળીઆમણી—શોભીતી.

(વીજળીનું વરણન કરીને ઓળખાવવી.)

સવાલ—ચોમાસાની રતમાં આકાશમાં શું શું થાય છે? ખેતર તથા નદીની કેવી હાલત થાય છે? હેલી થાય ત્યારે માણસ અને જનાવરને શી હરકત પડે છે? વરસાદથી કેમ સૌ રાજી થાય છે?

પાઠ ૧૦૧ મો.

કપાસીઆ-કપાસના બી.
કાલાં-કપાસના સૂકાં ને ફાટેલાં જીંડવાં.
ઠુંઠવાતું-ટાઢે ઠરી જતું.
હીમ-બહુજ ટાઢ પડે તે.
ટગલી-અંગરખી.
તેજાનો-તજ, એલચી, જાયફળ, જાવંત્રી વગેરે.
સગડી-તાપવાનો દેવતા જેમાં નાંખે તે.
કુંડાળું-ચોમેર ફરતું ગોળ આકાર હોય તે.
તાપણી-તાપવાને સારૂ દેવતા સળગાવે તે.
બેવડાં-બે પડવાળાં.
મહા-ઘણું.

સવાલ—શીયાળામાં શું શું પાકે છે? ઘણી ટાઢથી કયા પાકને નુકશાન થાય છે? ટાઢથી બચવાને માણસ શું કરે છે? શીયાળામાં રાત દહાડાનો શો ફેરફાર થાય છે? શિયાળામાં સવારમાં શું ખાય છે? બધા ખાઈ શકે છે?

પાઠ ૧૦૨ મો.

દુશ્મન-શત્રુ, લડનારો.
પૂર-બરાબર, જેવડા.
અટપટી-ગુંચવાયલી.
(સૂંઢ ચીતરેલા હાથીની પાંચમીના પાઠ ૨૮માંથી બતાવવી. રમકડાં તથા ચુડા, મોઢેથી સમજાવવા.)

સવાલ—હાથી કેટલો ઉંચો હોય છે? એના શરીરનું કદ કેવડું છે? પગ કેવા ને કેવડા છે? બળદ, માણસ, ને હાથી એ ખાવાનું શી રીતે ઉપાડે છે? સુંઢ વડે શું શું કામ કરી શકે છે? હાથીના દાંત ઉપરથી શી કેહેવત ચાલે છે? બહારના દાંત શું કામમાં આવે છે? એ દાંતનું શું શું બને છે?

પાઠ ૧૦૩ મો.

છત–ગળતર.
ભઠ્ઠી–પકવવાનો દેવતા.
કસાણું–ગુંદલું.
લોંદો–હાથમાં રહે એટલો કાદવ.
પસુ–ઝીણી રેતી.
ચોકઠું–ચારે તરફ લાકડાની પાટી જડેલી તે.
અલગં–હળવેથી.
ગાર–લીપવાને સારૂ કરે છે તે.
ગારો–એ ત્રણ વસ્તુની મેળવણીને પલાળી મૂકે તે.
(ભઠ્ઠાને ગાતર મોઢેથી સમજાવવું.)

સવાલ—તમે ઈંટની ભીંત ક્યાં દીઠી છે? ઈંટ સિવાય બીજી શેની ભીંત ટકાઉ થાય છે? ગામડાંમાં શેની ભીંત કરે છે? ઈંટ કરવાનો ગારો શી રીતે તૈયાર કરે છે? ઈંટ શી રીતે પાડે છે? ચોકઠું પાણીએ શું કરવા ધૂએ છે? શું કરે તો ધોવાની જરૂર પડે નહિ? ઈંટ પાડ્યા પછી તેને શું કરવું પડે છે?

પાઠ ૧૦૪ થો.

કોલ–છો ને પાણીનો ગારો.
નરી–એકલી.
થર–પડ.
થીર–ટટાર.
પાયો–ભોંયમાં ખાડો ખોદીને જે ભીંત બાંધે છે તે.
આધાર–મદદ, ટેકો.

સવાલ—ભીંત બાંધવાને શું શું જોઇએ? છો શેની અને શી રીતે થાય છે? કોલ શી રીતે બનાવે? આ ભીંતનો પાયો ક્યાં છે તે બતાવો. ભીંત શી રીતે કરે છે? પાયો કોને કહેવો? પાયો શું કરવા કરે? ઝાડ શા આધારે ઉભું રહે છે?

પાઠ ૧૦૫ મો.

ખલાસી–કામડાં સરડનાર.
વહેરવું–પાટીયાં પાડવાં.
કામડાં–ફાડેલા વાંસ.
પકવાસા–આગની શીખે
વળી–સાકટી.
ભારોટીયા–પાટડા.

કરાઈ—પાટીયાં વેહેરનાર.
સરડવું—કાથાની દોરી વડે કામડાં ભરી લેવાં તે.
લગ—ગે.

(ઓતીઆં, મ, પકવાસા વગેરેને બતાવીને ઓળખાવવાં.)

સવાલ—ભીંત કોણ તૈયાર કરે? સેની ભીંત હોય તો કડિઓ કરે? કાદવની હોય તો કોણ કરે? ભીંત કર્યા પછી શું કરવું જોઈએ? છાપરૂં શા સારૂ કરવું પડે? મોભ બતાવ. ઢાળ એટલે શું? પકવાસા શેને ઠેકાણે વપરાય છે? લગ ક્યારે ખાલની પડે છે? માળ શેનો શેનો થાય? (૧ પીઢ પાટીયાંનો, ૨ વાંસ વળીનો.) ગાળ ઉપર ચડવાને શું રાખવું પડે છે? (૧ દાદર, ૨ નીસરણી, અથવા ૩ ગરીબ હોય તે કાદવના પગથીયાંની સીડી કરે છે.) દાદર ને નીસરણીમાં શો ફેર હોય છે? પાટીયાં શેમાંથી પાડે છે ને કોણ પાડે છે?

પાઠ ૧૦૬ ઠો.

ઓજાર—હથીઆર.
કોહોડ—લુહારને બેસીને ઘડવાની જગા.
ગજવેલ—ખરૂં લોઢું.
એરણ—જેના ઊપર મૂકીને ઘડાય છે તે.
પાળી—શાક સમારવાની છરી.
ધમણ—ભઠ્ઠીને સળગાવવા સારૂ પવન લગાડવાનો સંચો.
કોશ—હોળની સાથે લોઢાનું અણીદાર હોય છે તે.

(બરડવાં એ બારી અથવા પેટી વગેરેની સાથે હોય ત્યાંથી બતાવવાં.)

સવાલ—કઇ ધાતુ બહુ કામની છે? એના વગર કેમ ચાલે નહિ? કયા ધંધાવાળાને લોઢા વિના નહિ ચાલે? (બધાને જરૂર પડે છે) લોઢાને ઘડતી વેળા કેમ તપાવવું પડે છે? (તપાવવાથી નરમ થાય છે)

પાઠ ૧૦૭ મો.

ઠેઠ—છેક, છેલ્લી જગા.
સાંસાં—અડચણ, તંગાસ
નિરાશ—નાઉમેદ.
ગબડવું—ગબડી પડવું.
નીકાલ—ઉપાય, રસ્તો.
વસમો—અઘરો.
અડોઅડ—પાસે પાસે.
લાગ—દાવ.
ખાંચો—સાંકડો રસ્તો.

સવાલ—બકરો ક્યાં ચરતો હતો ? પછી ઘધરી ટેકરી ઉપર શા માટે ગયો ? ત્યાં જતાં શું અડચણ પડી ? બકરો સામો મળ્યો તેમાં કેમ કંઈ રસ્તો સુઝ્યો નહિ ?

પાઠ ૧૦૮ મો.

તમાસો—નવો ખેલ.
ચતુરાઈ—ડહાપણ.
વખાણવું—શાબાશી આપવી.
રંગછે રંગછે—શાબાશ છે.

સવાલ—ગામમાંથી લોકો ત્યાં જોવાને કેમ આવી પહોંચ્યા ? પછી બેઉ બકરાનું શું થયું ? લોકોએ કેમ સાબાશી આપી ? એ પ્રમાણે સમજીને નીકાલ ન આણત તો શું થાત ?

પાઠ ૧૦૯ મો.

જીંડવાં—કપાસના છોડનેલાગે તે.
રેંટીઓ—સુતર કાંતવાનો સંચો.
ચરખો—કપાસ પીલવાનો સંચો.
સુતરાઉ—સુતરનાં બનાવેલાં.
ખાદી—જાડું લૂગડું.
પોત—જાડાઈ ; કુમાશ.
મલમલ—સુતરનું ઝીણું કપડું.

છાયલ ને છીંદડી એ બાઈડીઓને પેહેરવાનાં લૂગડાં છે.

(માદરપાટ, છીંટ, જગનનાથી, ખાદી એ છોકરાઓ કને ડગલી, બદન, પેહેરણ વગેરે હોય તે ઉપરથી ઓળખાવવાં.)

સવાલ—સુતરનાં ક્યાં ક્યાં લૂગડાં ભાઈડા તથા બાઈડીઓને પેહેરવાના થાય છે ? કપાસીઆ શી રીતે છૂટા પડે ? સુતર શેણે વતી કાંતે છે ? રૂને કોણ પીંજે છે ? જાડામાં જાડું ને ઝીણું કપડું કયું છે ? સુતરાઉ ધોળું કાપડ કઈ કઈ જાતનું થાય છે ?

પાઠ ૧૧૦ મો.

બિંબ—ગોળ આકાર.
લાલાશ—રતાશ.
કરોડ—સો લાખ.
આથમે—જતો રહે.
ગાઉ—કોશ.

સવાલ—સૂરજ ક્યારે લાલાશપર દેખાય છે ? સૂરજ સામું ક્યારે જોવાય ને ક્યારે ન જોવાય ? રાત કોને કહેવી ? દહાડો કોને

કહેવો ? વરસાદ શેનો આવે છે ? કયાં ઝાડ પાલો થતો નથી ? સૂરજ નાનો કેમ દેખાય છે ?

પાઠ ૧૧૧ મો.

દર્પણ–આરસી.
પુનેમ–પંદરમી તિથી.
અમાસ–મહિનાનો છેલ્લો દિવશ.

(પાણ વિનાનો આંકડો હોય તેની જોડ અલ્લાયો કહાડીએ છીએ તે કહાડી બતાવવો. જેમકે, ૫)).

સવાલ—અહીંથી સૂરજ આઘો કે ચંદ્રમા ? મહીનો બેઠા પછી પેહેલવેહેલો ચંદ્રમા કયારે દેખાય ? (બીજને દિવસે) ત્યારે કેવો હોય છે ને કયાં દેખાય છે ? પછી આખો ગોળ કયારે દેખાય ? ત્યાર પછી પાછો કેવો થતો જાય છે ? કયારે મુદલ દેખાતો નથી ? મહીનો બેસે તે દહાડાને શું કહે છે ? મહિનામાં પડવા કેટલા આવે ? તે શી રીતે ઓળખાય છે ? (પહેલાને શુદ, ને પાછલાને વદ કહે છે) એક મહિનામાં પુનેમ ને અમાસ કેટલી આવે ? ચંદ્રમાનું તેજ કેમ વધ ઘટ થાય છે ને સૂરજનું થતું નથી ? (સૂરજ પોતાના તેજથી પ્રકાશે છે ને ચંદ્ર પોતાના તેજવાળો નથી. સૂરજમાંથી જેટલું અજવાળું મળે તેટલો ચંદ્ર પ્રકાશે છે) કોની પેઠે ? (આરસી સૂરજ સામી રાખીએ તો તેનો ઓળો આપણી ઉપર પડે છે તેમ. અંધારામાં આરસી રાખીએ તો તેમાં કંઈ પણ અજવાળું દેખાતું નથી. આરસીમાં સૂરજનું અજવાળું પડે તોજ તે પ્રકાશવાળી દેખાય છે. એજ રીતે ચંદ્રમાનું છે.) બીજનો ચંદ્રમા કેટલે કેટલે દહાડે દેખાય છે ?

પાઠ ૧૧૨ મો.

ઘડીઆળ–વખત જોવાનું યંત્ર.
મધરાત–રાતના બાર વાગતાનો વખત.
અવર–કલાક.
મિનિટ–કલાકનો સાઠમો ભાગ.
ચિત્ત–મન.

કલાક—દીવસનો ચોવીસમો ભાગ.	સરત—યાદ.
અંગ્રેજી—અંગરેજ લોકનું.	

સવાલ—કલાક નામ શાથી પડયું ? (ઘડીઆળનું અંગ્રેજી નામ ક્લૉક છે તે ઉપરથી કલાક નામ પડયું છે) કલાકનું અંગ્રેજી નામ શું ? (અવર) ઘડીઆળમાં વધારેમાં વધારે કેટલા વાગે ? પાંચ કેટલી વખત વાગે ? (બે.) ત્યારે શી રીતે ઓળખાય ? (પેહેલા વાગે તે સવારના ને પાછળથી વાગે તે સાંજના.) દરેક કલાક દહાડામાં બે વખત કેમ વાગે છે ? (દહાડાના કલાક ચોવીસ છે ને ઘડીઆળમાં બાર સુધી વાગે છે તેથી) બીજો દિવસ ક્યારથી ગણાય ? (મધરાત પછી) દહાડાની ઘડી કેટલી ? કલાકની ઘડી કેટલી ? ઘડીની મિનિટ કેટલી ? મિનિટ કોને કહેવી ?

પાઠ ૧૧૩ મો.

આભલાં—વાદળાં.	સેંકડો—સો.
ગ્રહ—થીર તેજવાળા તારા.	થીર—હાલે નહિ તે.
જલદ—ઉતાવળથી ચાલનાર.	ગગન—આકાશ.
અજ્ઞાની—વગર સમજણના.	ફાળ—ધાસ્તી.
શક્તિ—જોર.	નવું જૂનું—મોટી આફત.

સવાલ—તારા કયારે દેખાય છે ને કેવા દેખાય છે ? રાતે કયારે તારા દેખાતા નથી ? (વાદળાં હોય ત્યારે) તે નાના કેમ દેખાય છે ? ગ્રહ કોને કહેસ ? થીર તેજવાળા તારા કેટલે દૂર છે ? પૂછડીઆ તારા જોવાથી કોને અને કેવી ફાળ પડે છે ? તે ધાસ્તી ખરી છે કે ખોટી ? દહાડે તારા કેમ દેખાતા નથી ? (સૂરજના તેજને લીધે)

પાઠ ૧૧૪ મો.

સવાલ—વાદળાં શેના થાય છે ? વરસાદ કોને કહેવો ? (ઉંચેથી વાદળું પડે તે) વરાળ શેમાંથી અને શી રીતે બનીને ઉપર જાય

હશે? કોની પેઠે? (પાણીની વાડકીને દેવતાની ગરમી લાગવાથી વ-
રાળ થાય છે તેમ.) તડકે વરાળ થાય છે તે કેમ દેખાતી નથી?

પાઠ ૧૧૫ મો.

મેહ—વરસાદ.	કૃપા—દયા.	પાડ—ઉપકાર.

સવાલ—વરસાદ ન હોય તો શી અડચણ થાય? દુકાળ પડે
ત્યારે કેવી હાલત થાય છે?

પાઠ ૧૧૬ મો.

સર્વવ્યાપક—બધે વસી રહેલો.	કણી—રજકણ.
આભાસ—દેખાવ.	વિશ્વપતિ—જગતનો ધણી પરમેશ્વર.
અંતરમાં—મનમાં.	વાસ—રહેઠાણ.
ખોળીએ—શોધીએ.	ભોંયરે—ભોંયરામાં.
આકાશ—ખાલી જગા.	ઘાટ—છાનો મનસુબો.
ચાસ—ખેતરમાં હળ વડે જે લીટા પાડે છે તે.	તાત—બાપ.
	ઠાલું—ખાલી, નકામું.

સમજુતી—આપણી આસપાસ આકાશમાં, ને મનમાં પરમે-
શ્વરનો આભાસ છે; ઘાસ અને ખેતરના ચાસની પાસે પણ, પરમેશ્વ-
રનો વાસ છે. (૧) આપણે ભોંયમાં ભોંયરામાં પેશીને, કંઇ વાત ક-
રીએ, અને મનમાં કંઇ ઘાટ ઘડીએ, તે જગતનો બાપ ઇશ્વર જાણે
છે. (૨) એક રજકણ મૂકવા સારૂ, ખાલી જગ્યા શોધીએ તો તે પણ
પરમેશ્વર વિનાની, ખાલી જગ્યા મળે નહિ. (બધે પરમેશ્વર છે.)

સવાલ—કઇ જગ્યાએ પરમેશ્વર છે? કઇ જગ્યાએ નથી? વગેરે.

પાઠ ૧૧૭ મો.

શ્વાસ—શરીરમાં વા પેસે નીકળે છે તે.	મુડદું—જીવ વગરનું શરીર. (નાડી, હાથના કાંડા આગળની બતાવવી.)

સવાલ—અણસમજુ માણસ શું કહે છે? સાસ અથવા શ્વાસ

થયો એમ ક્યારે કહેવાય ? પ્રાણીમાં જીવ છે એમ ક્યારે કહેવાય ? કંઇ વસ્તુ દેખાતી નથી તોપણ તે છે એમ માનવું પડે છે ? (વા, શ્વાસ, જીવ) પરમેશ્વર દેખાતો નથી ત્યારે શા માટે એને માનવો પડે છે ? અને તે કોની પેઠે ?

પાઠ ૧૧૮ મો.

ભાવ—હેત.	છળે—દગાથી.	તજો—છોડો.
કૂડી—નઠારી.	છૂપાવવું—છાનું રાખવું.	કળે—જુક્તિથી.
ઠાઠ—ભપકો.	પળી—ધોળોવાળ.	લાજ—આબરૂ.
ઠાલો—જૂઠો.	શીખ—શીખામણ.	ગળી—કાળા રંગની વસ્તુ
ભેદ—ઊંડી સમજણ.	શિક્ષા—શીખામણ.	ગળીનો ડાઘ—નઠારા કામની એબ.
આળ—તહોમત.	અંતરે—મનમાં.	

સમજુતી—હું સારી શીખામણ શીખવું તે તમે સુખથી શીખો, નઠારા માણસની નઠારી શીખામણ માનો નહિ, તમે ભાવથી ભણો તો ઘણી વાતના ભેદ સમજશો, હે બાળકો એ વાત તમે મનમાં આણો. (૧) તમે નઠારી ચાલ ન ચાલો ને સારી ચાલ ચાલો, ને બીજાને ઠગવાનો જૂઠો ભપકો છોડી દો, ઘડેલું ઘરેણું પડયું આખડયું હોય, ને જડે તો જીભે કહી દેવું જે જડેલું છે. (૨) દગાથી કે જુક્તિથી જે છેતરીને છાનું રાખે, તેની લોકમાં આબરૂ ઘટે ને માથે તોહોમત આવે છે; પછી જ્યાં સુધી ઘડપણના ધોળા વાળ આવે ત્યાં સુધી નઠારા કામનો ગળીનો કાળો ડાઘ જતો નથી. (૩)

પાઠ ૧૧૯–૧૨૦ મો.

સવાલ—નામ કોને કહેવું ? પ્રાણી, જગ્યા, ને વસ્તુના નામ બોલો. સાંભળવામાં આવે છે એવાં નામ કહો (અવાજ, શબ્દ, સાદ, ગડગડાટ, ગર્જના.) મનપર અસર લાગે એવાં નામ ક્યાં છે ? (સુખ,

દુ:ખ, રીસ, ક્રોધ, સંતોષ) સ્વાદ, વાસ, ને માણુસના ગુણુના નામ દો. સ્ત્રી પુરૂષના નામ બોલો. દેશ, નદી, શેહેર કે ગામના નામ બોલો.

પાઠ ૧૨૧ મો.

રસળવું–વગર કામનું ખોટી થવું.
ઉઘરાણી–માગણું લેવા જવું.
વાણોતર–નોકર.
પીતાંબર–રેશમી અબોટીઉં.
જાન–પરણુવા જનાર વરની સાથેનાં માણુસો.
નુકશાન–બગાડ.
પૂરૂં કરવું–ગુજરાન ચલાવવું.
વેલા–દુ:ખ.
કાપડીઓ–લુગડાં વેચનાર.
જુજ–થોડા.
વાયદો–ઠરાવ.
જલદી–વેહેલું.

શવાલ—ગંગુ ને ધનુ કોને ત્યાં નોકર રહયા ? તેમને શેઠે શું કામ સોંપ્યું ? તે કામ કરવાની કેમ બહુ તાકીદ હતી ?

પાઠ ૧૨૨ મો.

અબરખ–ચકચકતા પડવાળો પદાર્થ.
મદારી–વાંદરાં, રીંછ તથા બકરાંની રમત કરનાર.
મગન–રાજી.
લેખવ્યું–ગણ્યું.

સવાલ—એ૯ જણા બરાબર ગયા કે નહિ ? ધનુ કયાં આગળ ખોટી થયો ? રમકડાં લેવાના પૈસા ક્યાંથી લાવ્યો ? બીજી કઇ જગ્યાએ ખોટી થયો ?

પાઠ ૧૨૩ મો.

ગૃહસ્થ–આબરૂદાર માણુસ.
આખલો–સાંઢ.
સમાલવા–સંભાળવા.
પંડયા–બ્રાહ્મણુની અટક.
વાસેલું–દીધેલું.
ઉદાસ–નાખુશ.
વીલે–શરમવાળે.

સવાલ—રમકડાં લીધેલાં શાથી ભાગી ગયાં? શેઠે તેને કેમ કાઢી મૂક્યો? પછી ધનુનું શું થયું? એમાંથી શું શીખામણ લેવાની છે? (જે કામે જતા હોઇએ તે કામ કર્યા સિવાય બીજામાં મન ઘાલીને ખોટી થવું નહિ)

પાઠ ૧૨૪-૧૨૫-૧૨૬-૧૨૭ મો.

સ્વર—અ, આ, વગેરે બાર અક્ષરો.
બારાખડી—ક્ષ; બાર અક્ષરની હાર
વ્યંજન—ક, ખ, વગેરે ક્ષના અક્ષરો.
તોતડા—બોબડા; અશુદ્ધ બોલનાર.
જોડાક્ષર—જોડેલા અક્ષરો.
અળઠું—જુદું પડે એવું.
ભાન—વિચાર.
ટેરવું—જીભનો આગલો ભાગ.
અવાળુ—દાંત જેમાં રહેલા છે તે.
સ્પષ્ટ—ખુલ્લો.
કાળજી—ફીકર.
મુચરકો—કબુલતનું લખાણ.
કબુલત—સરત.

સૂચના—(આ પાઠ ભણનાર કરતાં ભણાવનારને વધારે સમજવાની જરૂર છે તેથી સવાલ આપ્યા નથી. એજ કારણને લીધે પાઠને મથાળે પણ સારું વાંચતાં શીખવાની રીત એમ ન લખતાં, શીખવવાની રીત એમ લખ્યું છે.)

પાઠ ૧૨૮ મો.

બાળબોધ—બ્રાહ્મણી.
લિપિ—લખવાની રીત.
અનુસ્વાર—માથે મીંડું હોય તે.
ગુજરાતી—ગુજરાતના લોકની.
સળંગ—આખી.
ધર્મપુસ્તક—ધર્મની ચોપડી.
મૂળાક્ષર—સ્વર તથા વ્યંજન મળીને ૪૬ અક્ષર છે તે.
ધોરણ—રીત.
બોલી—ભાષા.

પાઠ ૧૩૦ મો.

વિશ્વાસ—ભરોસો.

પાઠ ૧૩૧ મો.

મુશ્કેલ—અઘરૂં.
ખાંખડાં—અક્ષરના ભાગ.

પાઠ ૧૩૨ મો.

ઝવેરી-હીરા મોતી વેચનાર.

પાઠ ૧૩૩ મો.

છલ-ઢોંગ.

ફોસલાવીને-છેતરીને.

ધુતારા-છેતરનાર.

પાઠ ૧૩૪ મો.

ભાળ્યો-દીઠો.

પાંખાળો-પાંખવાળો.

ભોળું-કપટ વિનાનું.

ખળ-લુચ્ચું.

ભલમનસાઈ-ગરીબ.

લક્ષણ-ટેવ.

દીસે-દેખાય.



જાહેર ખબર

અમારે ત્યાંથી તમામ શાળોપયોગી પુસ્તકો તથા અંગ્રેજી તેમજ બીજી રમુજી વાર્તાઓ, નાટકો, ધર્મ અને નીતિ સંબંધી પુસ્તકો વેચાતાં મળે છે.

ઉર્દૂ પુસ્તકો—લાહોર, આગ્રા, અને લખનોરવાળી સરકારે નિશાળોમાં ચલાવવા મંજુર કરેલી ચોપડીઓ ઉત્તર ભાગના મેહેરબાન ઇન્સ્પેક્ટર સાહેબની ખાસ મંજુરીઅતથી અમે વેચીએ છીએ.

	કીમત.		કીમત.
ઉર્દૂ પેહેલી	૦—૧—૯	ઉર્દૂ ત્રીજી	૦—૨—૦
,, બીજી	૦—૩—૦	,, ચોથી	૦—૩—૬
,, વ્યાકરણ	૦—૨—૦	,, શાહનામું	૦—૮—૦
,, અખલાકે હાથી	૧—૨—૦	ગુ. પાંચમી ચોપડીના અર્થ	૧—૫—૦

આ પુસ્તકો **સુરતમાં** શ્રીજીવનદાસ ગોપાળદાસ બુકસેલર, **મુંબઇમાં** પુસ્તક પ્રસારક મંડળી કાળબાદેવી રોડ, દામોદર ઇશ્વર ચાપખરી રામવાડી, તથા જાહાંગીરજી મેરવાનજી કરાણી કોટમાં, **નડીઆદમાં** ન્યુ બુક ડેપો, **અમદાવાદમાં** રા. મોતીલાલ દ્વારકાંદાસ જુમામસીદની સામે, **વલસાડમાં** દ્વારકાંદાસ પરભુદાસ બુકસેલર, **નવસારીમાં** ગાંધી મણીભાઇ દ્વારકાદાસ એ ઠેકાણેથી મળી શકશે.

ખપાટા—હરીપુરા, સુરત તા० ૧—૭—૯૦.

જમનાદાસ ભગવાનદાસ બુકસેલર.